સંકલિત બાળ વિકાસ સેવા યોજના
ગુજરાત રાજ્ય

नए समाज की ओर
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય

વર્ષ : 6 અંક : ૧-૨-૩

*ભાવયિત્રી ભાવયિતવ્યા ભવતિ !*
જનની જગતની પોષણની અધિકારી
(ઐતરેય ઉપનિષદ - ૨/૩)

# સહિયર ગોષ્ઠી

## અદ્યતન ટેકનોલોજી દ્વારા રાજ્યભરમાં નવીન 607 આંગણવાડી કેન્દ્રો(નંદઘર)નું નિર્માણ



# નર્મદા ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના "પોષણ ઉડાન" કાર્યક્રમની ઝલક



માન. સચિવશ્રીનું પ્રાસંગિક ઉદ્‌બોધન



ક્વિઝમાં વિજેતા થનાર કિશોરીઓને ઈનામ વિતરણ



દિપ પ્રાગટ્ય



બાળકોની પ્રસ્તુતિ



માન. મંત્રીશ્રીનું પ્રાસંગિક ઉદ્‌બોધન



કાર્યક્રમ દરમિયાન માન. મંત્રીશ્રીનું સ્ટોલ નિદર્શન







બાળ પ્રસ્તુતિ કરનાર બાળકોને ઇનામ વિતરણ







# સહિયર ગોષ્ઠી


**તંત્રી** : ડૉ. રણજીતકુમાર સિંહ

**સહતંત્રી** : જીજ્ઞાસા પંડયા

**સંપાદક** : ક્રિષ્ના વૈષ્ણાણી

**સહસંપાદક** : દીપ્તી પરમાર

**પરામર્શ મંડળ** : અવંતિકા દરજી
મનીષા પટેલ
અમી પટેલ

**ઈ-મેઈલ** :
icdswcdmagazine@gmail.com

**તંત્રી વિભાગ**

'સહિયર ગોષ્ઠી' ત્રિ માસિક
કાર્યાલય,
કમિશનરશ્રી
મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત
અને સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત


આપના વિસ્તારમાં મહિલા અને બાળ વિકાસને લગતી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'સહિયર ગોષ્ઠી' ત્રિ માસિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ icdswcdmagazine@gmail.com ઈ-મેઈલ આઈડી ઉપર તસ્વીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને 'સહિયર ગોષ્ઠી'માં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.





| | |
|---|---|
| અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી 607 આંગણવાડી કેન્દ્રો( નંદઘર )નું નિર્માણ | 4 |
| રાજ્યકક્ષાના "પોષણ ઉડાન" કાર્યક્રમનો શુભારંભ | 8 |
| પોષણ ઉત્સવ-૨૦૨૪ ઝોન કક્ષાએ પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન | 14 |
| પોષણ સંગમ ( CMAM-EGF ) કાર્યક્રમની રિફ્રેશર તાલીમ | 18 |
| તાલુકા નોડલ અધિકારીશ્રી તરીકે નિયુક્ત મામલતદારશ્રીઓનો ઓરીએન્ટેશન કાર્યક્રમ | 24 |
| બાળકના સર્વાંગી વિકાસ અને વાલી જાગૃતિ માટે આંગણવાડી કાર્યકર દ્વારા સોશિયલ મીડિયાનો સફળ પ્રયોગ | 28 |
| પૂર્ણા સખી - સહસખી મોડ્યુલ તાલીમ | 31 |
| "પા પા પગલી" - એક પગલું પ્રગતિનું | 33 |
| બાળ દિવસ ઉજવણી | 37 |
| ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન અંતર્ગત બાળ લગ્ન જાગૃતતા કાર્યક્રમ | 39 |
| "બેટી બચાવો બેટી પઢાવો યોજના" જાગૃતિકરણ કાર્યક્રમ | 39 |
| "સખી વન સ્ટોપ યોજના" સાફલ્ય ગાથા | 40 |
| ૧૮૧ મહિલા અભયમની સાફલ્ય ગાથા | 41 |
| મહિલાના આરોગ્ય સંબંધિત સમસ્યાના કારણે સાસરીમાં ઉદભવેલી મુશ્કેલીમાં મદદરૂપ બનતું મહિલા સહાયતા કેન્દ્ર | 42 |
| આંગણવાડી કેન્દ્રની પ્રશંસનીય કામગીરી | 43 |




# અદ્યતન ટેકનોલોજી દ્વારા રાજ્યભરમાં નવીન 607 આંગણવાડી કેન્દ્રો(નંદઘર)નું નિર્માણ

રાજ્ય સરકારના સાહસ GSPC અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા CSR અંતર્ગત રૂ. 136.08 કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવનાર 607 આંગણવાડી કેન્દ્રો(નંદઘર)નો ઈ-શુભારંભ માન. મુખ્યમંત્રીશ્રી








ભુપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો. આ કાર્યક્રમમાં નાણાં-ઉર્જામંત્રીશ્રી કનુભાઈ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા મુખ્ય સચિવશ્રી રાજકુમાર અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો.




### બાળકો નિયમિત આવે તેવું વાતાવરણ નિર્માણ કરો

મહિલા અને બાળ વિકાસ વિભાગ સાથે સંકલનમાં રહીને GSPC દ્વારા આ 607 આંગણવાડી કેન્દ્રોનું લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ LGSF ટેક્નોલોજીના ઉપયોગથી નિર્માણ કરવામા આવનાર છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અંગે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ આંગણવાડીને નંદઘર અને આંગણવાડી કાર્યકર બહેનોને માતા યશોદા કહી છે. ત્યારે આંગણવાડીમાં આવતા બાળકના ઘડતરમાં યશોદા માતા જેવા કર્તવ્યભાવથી બહેનો સેવારત રહે. તેમણે એમ પણ કહ્યું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય એવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ.

**607 અદ્યતન આંગણવાડી (નંદઘરો)નું રૂ. 136.08 કરોડના ખર્ચે નિર્માણ થશે**

### ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે પુરતુ ભંડોળ

ભારત દેશ આઝાદીની શતાબ્દી 2047માં મનાવતો હશે, ત્યારે હાલ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો






607 નંદઘરના નિર્માણ કાર્યનો શુભારંભ કરાવતા માન. મુખ્યમંત્રીશ્રી

યુવા વયે પહોંચ્યા હશે. આ યુવાશક્તિમાં રાષ્ટ્રહિત ઉજાગર થાય એવા સંસ્કાર બાળપણથી જ કેળવવાનું અને ભાવિ પેઢીના ઉમદા ઘડતરનું કર્તવ્ય સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજહિતની મળેલી તકને સાર્થક કરવા અને નકારાત્મકતા દૂર કરવા તેમણે પ્રેરક આહવાન કર્યું. મુખ્યમંત્રીએ GSPCના આ સમાજ હિતકારી અભિગમની પ્રસંશા કરતાં કહ્યું કે, રાજ્ય સરકાર અદ્યતન અને સુવિધાસભર તથા ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે પૂરતું ભંડોળ આપવા તત્પર છે.

### ગુજરાતમાં 53 હજાર આંગણવાડી કાર્યરત

મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓનો ચિતાર રજૂ કરતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ માહિતી આપી કે, હાલ રાજ્યમાં 53 હજાર જેટલી આંગણવાડી કાર્યરત છે, જેમાં 45 લાખથી વધુ બાળકો, મહિલા તેમજ ધાત્રી મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળી રહ્યો છે. ગુણવત્તાયુક્ત પોષણ અને શિક્ષણ આપી આપણે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો રોડમેપ નિર્માણ કરીશું.

**બાળક દેશનું ભવિષ્ય છે અને તેના જીવન ઘડતરનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરે છે**

### નંદઘરોને ટકાઉ અને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાની શરૂઆત

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીએ માહિતી આપી કે, બાળક દેશનું ભવિષ્ય છે અને તેના જીવન ઘડતરનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરે છે. બાળકોના ઘડતરમાં કોઈપણ પ્રકારની અસુવિધા ન રહે તે માટે રાજ્ય સરકાર નિરંતર પ્રયાસ કરી રહી છે. તેના પરિણામે આજે રાજ્યમાં LGSF જેવી અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી નવનિર્માણ થનારા નંદઘરોને ટકાઉ અને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાની





માન. મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરતા માન. સચિવશ્રી મ.બા.વિ.



માન. મંત્રીશ્રીનું પ્રાસંગિક ઉદ્બોધન

શુભ શરૂઆત થઈ છે.

### ટેકનોલોજીનાં ઉપયોગથી માત્ર 60 દિવસમાં જ નંદઘરો નિર્માણ પામશે

નંદઘરોના નિર્માણ માટે ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલી લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીની GSPC અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા લગભગ 6 મહિનાના રિસર્ચ અને વિચાર-પરામર્શ બાદ પસંદગી કરવામાં આવી છે. આ અદ્યતન ટેકનોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિ સામે ટક્કર ઝીલી શકે તે પ્રકારના નંદઘરો માત્ર 60 દિવસમાં જ નિર્માણ પામશે.

### કાર્યક્રમમાં અનેક અધિકારી અને કર્મચારીઓની ઉપસ્થિતિ

GSPCના મેનેજિંગ ડિરેક્ટર મિલિન્દ તોરવણેએ જૂના અને જર્જરિત આંગણવાડી કેન્દ્રોને નવીન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન નંદઘર બનાવવાના અને તેને તમામ સુવિધા-સગવડોથી સુસજ્જ કરવાના સંપૂર્ણ કાર્યની રૂપરેખા આ પ્રસંગે આપી. આ કાર્યક્રમના પ્રારંભે મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી રાકેશ શંકરે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું. ICDS કમિશનરશ્રી રણજીત કુમાર સિંહે આભાર વિધિ કરી. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદર, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નિયામકશ્રી, GSPC તેમજ મહિલા અને બાળ

**અદ્યતન ટેકનોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિ સામે ટક્કર ઝીલી શકે તે પ્રકારના નંદઘરો માત્ર 60 દિવસમાં જ બનાવી શકાય છે**

વિકાસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને આમંત્રિતો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

રાજ્યના મુખ્ય સચિવશ્રી અને GSPCના ચેરમેનશ્રી રાજકુમારે આ પ્રસંગે માહિતી આપી કે, દેશનું ભવિષ્ય જ્યાંથી નિર્માણ પામે છે, એવા આંગણવાડી કેન્દ્રો અને શાળાઓને મુખ્યમંત્રીશ્રીના સતત માર્ગદર્શનમાં સસ્ટેઈનેબલ અને ઈકોફ્રેન્ડલી બનાવીને પાયાની તમામ સુવિધાઓથી સુસજ્જ કરવાની સરકારની નેમ છે. રાજ્યના બાળકો અને મહિલાઓના હિતાર્થે નંદઘરોને અદ્યતન બનાવવા માટે આજે GSPC દ્વારા શુભ શરૂઆત થઈ છે. ગુજરાતની દરેક આંગણવાડી તમામ સુવિધાઓથી અદ્યતન ન થાય, ત્યાં સુધી દર વર્ષે CSR હેઠળ આંગણવાડી કેન્દ્રોને વિકસાવવાની GSPCની સંકલ્પબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.








# રાજ્યકક્ષાના "પોષણ ઉડાન" કાર્યક્રમનો શુભારંભ

માન. મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં તારીખ ૦૯/૦૧/૨૦૨૫ના રોજ રાજ્યકક્ષાના "પોષણ ઉડાન" કાર્યક્રમનું આયોજન નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે કરવામાં આવ્યુ." પોષણના સથવારે આંબીશું આકાશે" થીમ પર આયોજિત "પોષણ ઉડાન" કાર્યક્રમનો મુખ્ય હેતુ મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે પતંગ ઉત્સવની ઉજવણી દ્વારા બાળકો, કિશોરીઓ, અને અન્ય લાભાર્થીઓમાં પોષણ અને આરોગ્ય સંબંધિત જાગૃતિ લાવવાનો હતો. ૧૪મી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણનો તહેવાર આનંદ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ પર્વ નિમિત્તે પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવા સાથે રાજ્ય, ઝોન, જિલ્લા, ઘટક, અને આંગણવાડી કેન્દ્ર કક્ષાએ મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ અને જન ભાગીદારીથી ઉજવવાનો હતો જેમાં થીમ






**ટેક હોમ રાશન (ટીએચઆર) અને "શ્રી અન્ન" (મિલેટ)નુ મહત્ત્વ તથા એમાંથી બનતી વિવિધ વાનગીઓ, માતૃશક્તિ પૂર્ણાશક્તિ અને બાલશક્તિમાંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું અને તે વિશે સમજણ આપવામાં આવી.**

આધારિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આંગણવાડીના લાભાર્થીઓ સ્થાનિક શાળાઓ, સંસ્થાઓ અને સમુદાયના આગેવાનોને સામેલ કરી વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેમા આ મુજબના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યાં.

**થીમ**

- સગર્ભા અને ધાત્રી માતાની પોષણ અને આરોગ્યની સંભાળ.
- નવજાત અને નાના બાળકોની સંભાળ અને આહારની પદ્ધતિઓ.
- આહારમાં વિવિધતા વિવિધ ખાદ્ય જૂથોનો સમાવેશ અને જંક ફૂડ ટાળવું.
- એનિમિયા વિશે જાગૃતિ અને નિવારણના પગલાં
- સ્વાસ્થ્ય શુદ્ધ પીવાનું પાણી અને શૌચાલયનો ઉપયોગ



માન. મંત્રીશ્રી દ્વારા સ્ટોલ નિદર્શન

લીધેલ.

**પોષણ અને આરોગ્યને લગતા સુત્રોની સ્પર્ધા-**

પતંગ પર પોષણ અને આરોગ્યને લગતા સૂત્રોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમા સ્પર્ધકોમાંથી શ્રેષ્ઠ નવીનતમ સૂત્ર બનાવનાર ત્રણ કિશોરીઓને ઈનામ આપવામાં આવ્યા.

**ક્વિઝ સ્પર્ધા:**

કિશોરીઓની પોષણ અને આરોગ્ય વિષયક ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું જેમાં પૂર્ણા યોજના અંતર્ગત આપવામાં આવતી તમામ પોષણ અને બિનપોષણની સેવાઓનો સમાવેશ કરી ક્વિઝ તૈયાર કરવામા આવી. સદર કાર્યક્રમમાં કિશોરીઓ દ્વારા ઉત્સાહભેર ઉત્તમ દેખાવ કરવામાં આવ્યો. જેમાં ૧૫થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી કિશોરીઓનો સમાવેશ કરવામા આવે છે. કેવડિયા ખાતે આવેલી સરકારી માધ્યમિક શાળાની કિશોરીઓ તથા પૂર્ણા

**લીંબુ ચમચી, સંગીત ખુરશી, કોથળાદોડ, હોચસ્કોચ, સાથીદોડ, સ્વાસ્થ્ય અને બિન સ્વાસ્થ્યપ્રદ ખાદ્ય પદાર્થોની ઓળખ વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું.**

- પતંગ ઉત્સવ માટે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગનેપ્રોત્સાહન.

થીમ આધારિત પ્રવૃત્તિઓની વિગત

- પતંગો બનાવવાની સ્પર્ધા-

કિશોરીઓ માટે વિવિધ પ્રકારના પતંગો બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સર્જનાત્મકતા અને પતંગની ડિઝાઈનને ધ્યાનમાં રાખીને સ્પર્ધકોમાંથી શ્રેષ્ઠ પતંગ બનાવનાર ત્રણ કિશોરીઓને ઈનામ આપવામા આવ્યા. જેમાં અંદાજિત 100થી વધુ કિશોરીઓ ભાગ



યોજના અંતર્ગત નિયુક્તિ સખી અને સહસખીએ ભાગ લીધો હતો. જેમા કુલ ૨૪ કિશોરીઓએ ભાગ લીધો, શ્રેષ્ઠ જવાબ આપનાર કિશોરીઓને મહાનુભાવો દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**રમતગમત હરિફાઈ -**

બાળકોમાં અને કિશોરીઓ માટે પોષણ અને આરોગ્ય વિશેની થીમ આધારિત રમતગમત જેવી કે લીંબુ ચમચી, સંગીત ખુરશી, કોથળાદોડ, હોચસ્કોચ, સાથીદોડ, સ્વાસ્થ્ય અને બિન સ્વાસ્થ્યપ્રદ ખાદ્ય પદાર્થોની ઓળખ વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું. આ રમતોના માધ્યમથી પોષણ અને આરોગ્ય વિશે સમજણ અને જાગૃતિ લાવી શકાય તે હેતુથી બાળકોને વધુમાં વધુ ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં





પતંગ પર પોષણ અને આરોગ્યને લગતાં સૂત્રોની સ્પર્ધા

સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. તમામ આંગણવાડી કેન્દ્ર પર સખી અને સહસખીની નિયુક્તિ યોજના અંતર્ગત કરવામાં આવી છે. જેના ભાગરૂપે સદર કાર્યક્રમમાં કિશોરીઓએ શ્રેષ્ઠ દેખાવ કરી પૂર્ણા યોજનાને સાર્થક કરી. જે ખરેખર અન્ય કિશોરીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

આમ પોષણ ઉડાન કાર્યક્રમમાં પૂર્ણા યોજના અંતર્ગત આપવામાં આવતી તમામ સેવાઓ પોષણ અને

## પતંગ ઉત્સવ માટે સ્વદેશી વસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન



**"કિશોરીઓની પોષણ ક્વિઝ"**
**રાજ્યકક્ષાનાં પોષણ ઉડાણ કાર્યક્રમ દરમિયાન કિશોરીઓ માટે પોષણ ક્વિઝનું આયોજન**

બિનપોષણની સેવાઓનો ઉત્તમ દેખાવ કરવામાં આવ્યો. (જેમાં કેવડિયા ખાતે આવેલી સરકારી માધ્યમિક શાળાની કિશોરીઓને) દરેક સ્પર્ધા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. સદર યોજનામાં વધુમાં વધુ કિશોરીઓ લાભ લે તે હેતુથી દરેક ભાગ લેનાર કિશોરીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યો. જેમાં દરેક સ્પર્ધામાં ઈનામ સ્વરૂપે કિશોરીઓને વોટરબેગ સ્કૂલબેગ જેવા ઈનામો આપવામાં આવ્યા. જ્યારે




અન્ય ભાગ લેનાર તમામ કિશોરીઓને પ્રોત્સાહનરૂપે પાણીની બોટલ આપવામાં આવી. તમામ પ્રવૃત્તિઓમાં યોજના અંતર્ગત નોંધાયેલ ૨૦૦ જેટલી કિશોરીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં શાળાએ જતી અને ન જતી તમામ કિશોરીઓ તથા સખી સહસખીનો સમાવેશ થાય છે.

### વિવિધ પ્રકારના સ્ટોલોનું નિદર્શન

- શિયાળામાં બનતી વૈવિધ્યસભર તેમજ પ્રાદેશિક પૌષ્ટિક વાનગીઓ
- સરગવો સુપર ફ્રુટની વિશેષતા અને લીલા શાકભાજીઓનું મહત્ત્વ, લોહતત્ત્વનું મહત્ત્વ તથા તેમાંથી બનતી વાનગીઓ
- ટેક હોમ રાશન (ટીએચઆર) અને "શ્રી અન્ન" "(મિલેટ) નુ મહત્ત્વ તથા તેમાંથી બનતી વિવિધ વાનગીઓ માતૃશક્તિ પૂર્ણાશક્તિ અને બાલશક્તિમાંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું અને તે વિશે સમજણ આપવામાં આવી.

## પોષણ અને આરોગ્યને લગતા સૂત્રોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું





રાજ્યકક્ષાનાં પોષણ ઉડાણ કાર્યક્રમમાં કિશોરીઓની વિવિધ સ્પર્ધા

- વિટામીન “સી” તમામ ગ્રીન સલાડ ફણગાવેલા કઠોળ, મિક્સ કઠોળ, કટફ્રુટ વગેરેમાંથી મળે છે.
- સગર્ભા ધાત્રી માતાઓ કિશોરીઓ બાળકો વગેરેની આરોગ્ય તપાસ માટેના સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું. જેમા એનિમિયા હિમોગ્લોબીનની તપાસ આઈએફએ ગોળીનું વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે વજન ઊંચાઈ અને પોષણ પરામર્શ સગર્ભા માતા બાળકો અને કિશોરીઓને વજન અને ઊંચાઈ કરી BMIની ગણતરી કરવી અને પોષણ અને આરોગ્ય વિશે સમજ આપવામા આવી.




## ૨૦૦ જેટલી કિશોરીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો

### પા પા પગલી સ્ટોલ

તમામ ઘટકના ફ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર દ્વારા બનાવવામાં આવેલ ટીચિંગ લર્નિંગ મટીરીયલના સ્ટોલમા નિદર્શન કરવામાં આવ્યું.

આ સાથે સ્વસહાય જૂથો દ્વારા બનાવવામાં આવતી પેદાશનું પ્રદર્શન અને વેચાણ સ્થાનિક મહિલા ખેડૂતો પાસેથી તેમને ઉત્પાદન કરેલ ખાદ્ય પદાર્થોનું પ્રદર્શન સહ વેચાણ કરવા માટે આમંત્રિત કરવામા આવ્યા અને સ્વસહાય જૂથો દ્વારા તાજા સ્થાનિક રીતે મળતા ખોરાકની વિવિધ પ્રકારની વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું.

- 181 મહિલા અભયમ હેલ્પલાઈન
- 1962 કરુણા અભિયાન હેઠળ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન અંતર્ગત પણ માહિતી પૂરી પાડવામાં આવી.

# પોષણ ઉત્સવ-૨૦૨૪

# ઝોન કક્ષાએ પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન



નિર્ણાયક કમિટીનું પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં નિરિક્ષણ

બાળકો, કિશોરીઓ, સગર્ભા, મહિલાઓ, ધાત્રી માતાઓ માટે જરૂરી કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્ત્વો યુક્ત ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત અને પૂર્ણાશક્તિ) દર માસે વિનામૂલ્યે આંગણવાડી કેન્દ્રમાંથી તેમની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃત્તીયાંશ ભાગનું પોષણ પૂરૂં પાડવા માટે આપવામાં આવે છે. મિલેટ (શ્રીઅન્ન) આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ), મિલેટ (શ્રી અન્ન) તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખાદ્યો મદદથી પૌષ્ટિક વાનગી/ખોરાકની રોજિંદા જીવનમાં ઉપયોગ કરે તેવા શુભ આશયથી સમગ્ર રાજ્યમાં ટેક હોમ રાશન, મિલેટ (શ્રી અન્ન) અને સરગવામાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ અંગેની જુદા-જુદા સ્તરપર પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવા માટે સમગ્ર રાજ્યમાં તારીખ ૧૯/૧૨/૨૦૨૪ના રોજ શુભારંભ



ઝોનકક્ષાનાં પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું નિદર્શન કરતાં નાયબ નિયામકશ્રી વડોદરા તેમજ પ્રોગ્રામ ઓફિસરશ્રી



વડોદરા ઝોનના પોષણ ઉત્સવમાં મોટી સંખ્યામાં કિશોરીઓ જોડાઈ

કરવામાં આવેલ. આ અંતર્ગત ટેક હોમ રાશન, મિલેટ (શ્રી અન્ન) અને સરગવામાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ અંગેની જુદા-જુદા સ્તર પર પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું સેજા, ઘટક અને જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત સેજા કક્ષા, ઘટક કક્ષા, જીલ્લા કક્ષાએ પોષણ ઉત્સવનું આયોજન કરીને પ્રથમ, દ્વિતીય તેમજ તૃત્તીય ક્રમ મુજબ વિજેતાઓને ઝોન કક્ષાએ આમંત્રિત કરી ઝોન કક્ષાનો પોષણ ઉત્સવ કરવાનું આયોજન કરેલ હતું. જે મુજબ વડોદરા, રાજકોટ અને સુરત ઝોનમાં ઝોન કક્ષાના પોષણ ઉત્સવનું આયોજન થયેલ છે.

## (1) વડોદરા ઝોન

નાયબ નિયામકની પ્રાદેશિક કચેરી આઈસીડીએસ વડોદરા ઝોન દ્વારા તા. ૦૧/૦૩/૨૦૨૪ના રોજ સી .કે. પ્રજાપતિ હાઈસ્કૂલ ગોરવા, વડોદરા ખાતે વડોદરા ઝોન હસ્તકના જિલ્લાઓ તથા કોર્પોરેશન સાથે  જિલ્લા તથા કોર્પોરેશનના વિજેતા થયેલ આંગણવાડી કાર્યકરશ્રીઓ સાથે પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નિર્ણાયક તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ ફુડ એન્ડ ન્યુટ્રીશન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા દ્વારા ૨ પ્રતિનિધિ હાજર રહી નિર્ણાયકશ્રી દ્વારા નીચે મુજબના જિલ્લા તથા કોર્પોરેશનના આંગણવાડી કાર્યકરશ્રીઓને પ્રથમ, દ્વિત્તીય અને તૃત્તીય ક્રમ આપી પ્રોત્સાહન આપવામાં  આવેલ.

| વડોદરા ઝોન | | |
|---|---|---|
| ટી.એચ.આરમાંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | વડોદરા કોર્પોરેશન | ૩ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | વડોદરા | ૧ આંગણવાડી કાર્યકર |
| | આણંદ | ૧ આંગણવાડી કાર્યકર |
| | પંચમહાલ | ૧ આંગણવાડી કાર્યકર |
| મિલેટ( શ્રી અન્ન ) માંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | વડોદરા કોર્પોરેશન | ૩ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | મહીસાગર | ૧ આંગણવાડી કાર્યકર |
| | છોટાઉદેપુર | ૧ આંગણવાડી કાર્યકર |
| | પંચમહાલ | ૧ આંગણવાડી કાર્યકર |

## (2) રાજકોટ ઝોન

નાયબ નિયામકશ્રી પ્રાદેશિક કચેરી આઈસીડીએસ રાજકોટ ઝોન દ્વારા રાજકોટ ઝોન હસ્તકના જિલ્લાઓ અને



રાજકોટ ઝોનનાં પોષણ ઉત્સવનો શુભારંભ



રાજકોટ ઝોનનાં પોષણ ઉત્સવમાં ભાગ લીધેલ આંગણવાડી કાર્યકરો




રાજકોટ ઝોનનાં પોષણ ઉત્સવમાં વિજેતાની જાહેરાત

કોર્પોરેશન માટે તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ ઝોન કક્ષાએ પોષણ ઉત્સવ -૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત મિલેટ- ટી.એચ.આર વાનગી સ્પર્ધાનું આયોજન શ્રી શાંતિ નિકેતન કોલેજ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. ઝોન કક્ષાના આ કાર્યક્રમમાં રાજકોટ ઝોન હસ્તકના તમામ જિલ્લા તથા કોર્પોરેશન કક્ષાએ વિજેતા થયેલ આંગણવાડી કાર્યકરશ્રીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. જેમાં નિર્ણાયક તરીકે કુલ -૪ નિર્ણાયકશ્રીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબના જિલ્લા/કોર્પોરેશનના આંગણવાડી કાર્યકરશ્રીઓ સ્પર્ધામાં વિજેતા જાહેર થયા. નિર્ણાયક દ્વારા નીચે મુજબના જિલ્લા તથા કોર્પોરેશનને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપી પ્રોત્સાહન આપવામાં આવેલ.

| રાજકોટ ઝોન | | |
|---|---|---|
| ટી.એચ.આરમાંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | રાજકોટ કોર્પોરેશન | ૨ આંગણવાડી કાર્યકર |
| | જામનગર કોર્પોરેશન | ૧ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | પોરબંદર | ૧ આંગણવાડી કાર્યકર |
| | જામનગર | ૧ આંગણવાડી કાર્યકર |
| | મોરબી | ૧ આંગણવાડી કાર્યકર |
| મિલેટ( શ્રી અન્ન )માંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | રાજકોટ કોર્પોરેશન | ૧ આંગણવાડી કાર્યકર |
| | જામનગર કોર્પોરેશન | ૧ આંગણવાડી કાર્યકર |
| | જૂનાગઢ કોર્પોરેશન | ૧ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | દેવભુમી દ્વારકા | ૧ આંગણવાડી કાર્યકર |
| | રાજકોટ | ૧ આંગણવાડી કાર્યકર |
| | મોરબી | ૧ આંગણવાડી કાર્યકર |




સુરત ઝોનનાં પોષણ ઉત્સવનો શુભારંભ



માન. નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા દ્વારા પૌષ્ટિક વાનગીઓની જાણકારી લીધેલ



સુરત ઝોનનાં પોષણ ઉત્સવમાં જનમેદની

## (3) સુરત ઝોન

નાયબ નિયામકની પ્રાદેશિક કચેરી આઈસીડીએસ સુરતઝોન દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૫ના રોજ માન.નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે "પોષણ ઉત્સવ -૨૦૨૪ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત ઝોન હસ્તકના જિલ્લા તથા કોર્પોરેશનના વિજેતા થયેલ આંગણવાડી કાર્યકરો સાથે પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નિર્ણાયક તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, હોમ સાયન્સ લેકચરર, ન્યુટ્રીશન આસિસ્ટન્ટ સી.એમ.ટી.સી નિર્ણય કરી પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય ક્રમ આપી પ્રોત્સાહન આપવામાં આવેલ.

| સુરત ઝોન | | |
|---|---|---|
| ટી.એચ.આરમાંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | સુરત કોર્પોરેશન | ૩ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | ડાંગ | ૧ આંગણવાડી કાર્યકર |
| | વલસાડ | ૧ આંગણવાડી કાર્યકર |
| | નવસારી | ૧ આંગણવાડી કાર્યકર |
| મિલેટ(શ્રી અન્ન) માંથી બનતી વાનગી સ્પર્ધાના વિજેતાની વિગત | | |
| **વિગત** | **જિલ્લા** | **વિજેતાની વિગત** |
| કોર્પોરેશન | સુરત કોર્પોરેશન | ૩ આંગણવાડી કાર્યકર |
| જિલ્લો | સુરત | ૧ આંગણવાડી કાર્યકર |
| | ડાંગ | ૧ આંગણવાડી કાર્યકર |
| | ભરૂચ | ૧ આંગણવાડી કાર્યકર |

# પોષણ સંગમ - રીફ્રેશર તાલીમ

**અતિ ગંભીર કુપોષિત (Severe Acute Malnutrition - SAM) બાળકોનું સમુદાય આધારિત વ્યવસ્થાપન (Community based Management of Acute Malnutrition - C-MAM) કાર્યક્રમ**




સુરેન્દ્રનગર જીલ્લા ખાતે રાજકોટ કોર્પોરેશન તેમજ સુરેન્દ્રનગર જીલ્લાની રીફ્રેશર તાલીમ

કુપોષણ એ એક જટીલ પડકાર છે જેને નાથવા માટે સામૂહિક પગલાંની જરૂર છે. આ ઉદ્દેશ્ય તરફ, ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે સંકલિત પ્રયત્નો જરૂરી છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MWCD)ની 'સક્ષમ આંગણવાડી અને મિશન પોષણ 2.0' અમ્બ્રેલા સ્કીમના નેજા હેઠળ, સંલગ્ન મંત્રાલયો/વિભાગોના સહયોગથી કુપોષણને દૂર કરવા માટેના હસ્તક્ષેપો બહુ-ક્ષેત્રીય અભિગમ દ્વારા ગોઠવવામાં આવી રહ્યાં છે.

કુપોષિત બાળકોની ઓળખ અને તેમની સારવાર એ મિશન પોષણ 2.0નું અભિન્ન પાસું છે. આંગણવાડી કેન્દ્રો અને સમુદાય સ્તરે કુપોષિત બાળકોની ઓળખ કરવી, સારવાર કરવી અને તેનું વ્યવસ્થાપન કરવું અને તેમને બાળ સેવા કેન્દ્ર (CMTC) અથવા બાળ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે તબીબી સહાય માટે ક્યારે મોકલવા તે સમજવું જરૂરી છે.

અતિ ગંભીર કુપોષિત (SAM) બાળકોની સારવાર સુવિધા-આધારિત અભિગમો સુધી મર્યાદિત માનવામાં આવતી હતી. આ સંદર્ભમાં, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MoWCD) તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના (MoH&FW) સંકલનથી સંયુક્ત રીતે કુપોષિત બાળકોના વ્યવસ્થાપન માટે પ્રમાણભૂત રાષ્ટ્રીય પ્રોટોકોલ ઓક્ટોબર-૨૦૨૨માં બહાર પાડવામાં આવ્યો છે.

અતિ ગંભીર કુપોષિત બાળકોનું સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM) કાર્યક્રમ માટે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ. ઉક્ત પ્રોટોકોલના આધારે ગુજરાતમાં આ કાર્યક્રમની સ્ટેટ સ્પેસિફીક માર્ગદર્શિકા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીશ્રીઓ તથા યુનિસેફના તજજ્ઞશ્રીઓને સાથે રાખી તૈયાર કરવામાં આવી છે.

આ માર્ગદર્શિકા આંગણવાડી સ્તરે કુપોષિત બાળકોની ઓળખ અને વ્યવસ્થાપન માટે વિગતવાર પગલાં પૂરા પાડે છે,



જામનગર ખાતે મોરબી જામનગર જિલ્લો તથા કોર્પોરેશનનાં તાલીમાર્થીઓ દ્વારા પોષણ શપથ

જેમાં રેફરલ, પોષણ વ્યવસ્થાપન અને ફોલો-અપ સંભાળ અંગે નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. પ્રોટોકોલમાં સમજાવવામાં આવેલા મુખ્ય પગલાંઓમાં, ગ્રોથ મોનિટરિંગ અને સ્ક્રિનિંગ, SAM બાળકો માટે ભૂખ પરીક્ષણ, તબીબી મૂલ્યાંકન, સંભાળના સ્તર અંગે નિર્ણય લેવા, પોષણ વ્યવસ્થાપન, તબીબી વ્યવસ્થાપન, પોષણ, આરોગ્ય શિક્ષણ અને પરામર્શ સહિત ગૃહ મુલાકાતનો સમાવેશ થાય છે.

અતિગંભીર કુપોષિત (SAM) બાળકોમાં સામાન્ય પોષણની સ્થિતિ ધરાવતા બાળકોના પ્રમાણમાં રોગથી મૃત્યુ થવાની શક્યતા ૯ ગણી વધારે હોય છે. તેથી, બાળકોમાં કુપોષણને રોકવા માટે, રાજ્યમાં સંકલિત પ્રયાસો કરવા જરૂરી છે. અતિગંભીર કુપોષિત બાળકોની સંસ્થાકીય સ્તરે સારવાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલ બાળ સેવા કેન્દ્ર (CMTC) અને સિવિલ હોસ્પીટલોમાં આવેલ બાળ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે કરવામાં આવે છે.

પરંતુ કુલ SAM બાળકો પૈકી ફક્ત ૧૦-૧૫% બાળકોને જ સંસ્થાકીય (CMTC & NRC) સારવારની જરૂર હોય છે, જ્યારે બાકી રહેલા ૮૫-૯૦% અતિ ગંભીર કુપોષિત બાળકો કે જેઓ તબીબી જટિલતા ધરાવતા નથી. તેઓને સામુદાયિક સ્તરે જરૂરી પોષણ સેવાઓ તથા દવાઓ અને સુક્ષ્મ પોષક તત્વો ઉપલબ્ધ કરાવી સામાન્ય સ્થિતિમાં લાવી શકાય છે. આમ, SAM બાળકોને સમય મર્યાદામાં વિશેષ પોષણ, કાળજી અને આરોગ્યની સારવાર સાથે ફોલો-અપ સેવાઓ મળી રહે તો તેઓને તંદુરસ્ત બનાવી શકાય છે.

**કુપોષિત બાળકોની ઓળખ અને તેમની સારવાર એ મિશન પોષણ 2.0નું અભિન્ન પાસું છે**

આ બાબતને ધ્યાનમાં લેતાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંકલનથી અતિ ગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM) કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. જેને રાજય સરકાર દ્વારા ''પોષણ સંગમ'' નામ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજયના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોનું નિયમિત રીતે વજન/ઊંચાઈ માપન, ભૂખ પરીક્ષણ, તબીબી ચકાસણી અને તેના આધારે યોગ્ય સ્તરે પોષણ અને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવી SAM બાળકોને સુપોષિત કરવા માટે ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવે છે.

ઉક્ત પોષણ સંગમ કાર્યક્રમના અમલીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આ કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ/કન્સલટન્ટશ્રીઓ, વિભાગીય નાયબ નિયામકશ્રીઓ, વિભાગીય નાયબ નિયામકશ્રીઓ (આઇસીડીએસ) અને જિલ્લા/કોર્પો.ના આઇસીડીએસના તમામ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તથા તમામ જિલ્લા/કોર્પો.ના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓનો એક દિવસીય ઓરિએન્ટેશન વર્કશોપ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જીએનએલયુ), ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

**કુલ SAM બાળકો પૈકી ફક્ત ૧૦-૧૫% બાળકોને જ સંસ્થાકીય (CMTC & NRC) સારવારની જરૂર હોય છે**

આ પોષણ સંગમ કાર્યક્રમનું જિલ્લામાં અમલીકરણ કરવા માટે જિલ્લા કક્ષાના આઇસીડીએસ અને આરોગ્યના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને રાજય કક્ષાના માસ્ટર ટ્રેનર્સ (૧૬૭) તરીકે પાંચ બેચમાં બે દિવસની નિવાસીય તાલીમ યુનિસેફની તકનીકી અને નાણાંકીય મદદથી આપવામાં આવેલ છે.

રાજયના તમામ જિલ્લાઓમાં ત્રણ તબકકામાં જિલ્લા અને ઘટક/સેજા કક્ષાના તમામ કર્મચારીઓની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએથી ફિલ્ડ વિઝિટ માટે ગયેલ અધિકારીશ્રીઓના નિરીક્ષણના આધારે C-MAM/EGF કાર્યક્રમની રીફ્રેશર તાલીમની જરૂરીયાત જણાતા તમામ જિલ્લાઓમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી, સીડીપીઓ, મુખ્યસેવિકા, ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર (DC-NNM), બ્લોક કો- ઓર્ડિનેટર (BC-NNM), ડિસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલટન્ટ, ડિસ્ટ્રીક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર, બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટર, બ્લોક ન્યૂટ્રીશન મેનેજર, CDHO શ્રી તથા RCHOશ્રીને તાલીમ આપવામાં આવેલ છે. આમ સમગ્ર રાજયમાં ફિલ્ડ લેવલ સુધી આ તાલીમો પૂર્ણ કરવામાં આવેલ છે.

### સી-મેમ કાર્યક્રમના ૧૦ પગલાંની ટૂંકી વિગતો

**પગલું-૧ : બાળકોના સ્કીનીંગ/શારીરિક માપન દ્વારા ગંભીર રીતે કુપોષિત બાળકોને ઓળખવા**

- જન્મથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોનું દર મહિને વજન અને શરીરનું માપ (લંબાઇ/ઊંચાઈ) લઈને પોષણ ટ્રેકરમાં નોંધ કરવી અને તમામ બાળકોનું પોષણ સ્તર નક્કી કરવું. અતિ ગંભીર કુપોષણ (SAM) ની શ્રેણીમાં આવતા બાળકોની યાદી તૈયાર કરી રાખવી. દર માસે આંગણવાડી કાર્યકર દ્વારા બીજા મંગળ દિવસ (બાલતુલા) સુધીમાં અથવા ત્યાર પછીના ત્રણ દિવસમાં તમામ ૦ થી ૫ વર્ષના બાળકોનું વજન અને શરીરનું માપ (લંબાઈ /ઊંચાઈ) કરવું.
- બાળકોનું વજન અને શરીરનું માપ (લંબાઈ /ઊંચાઈ)



જૂનાગઢ ખાતે પોરબંદર અને દેવભૂમિ-દ્વારકાની તાલીમમાં ૧૦ પગલાની સમજણ



પંચમહાલ જીલ્લાની CMAM-EGF રીફ્રેશર તાલીમ

કરતી વખતે તમામ બાળકોના બંને પગમાં સોજાની પણ તપાસ કરવી.

**બંને પગે સોજા (બાયલેટરલ પિટિંગ ઍડીમા)ની તપાસ કેવી રીતે કરીશું?**

- બંને પગે સોજાની તપાસ માટે બંને પગ ઉપર અંગૂઠા દ્વારા ઓછામાં ઓછી ૩ સેકન્ડ સુધી દબાણ આપવામાં આવે છે. (ઉદાહરણ તરીકે ૧૦૦૧, ૧૦૦૨, ૧૦૦૩ ગણવાનું)
- જો બંને પગના પંજા ઉપર સહેજ ખાડો થતો જોવા મળે તો બાળકને ઍડીમા (સોજો) છે તેમ કહેવાય.
- ફક્ત બાયલેટરલ પિટિંગ ઍડીમાને એટલે કે, બંને પગમાં સોજા જોવા મળશે તો જ પોષણની ખામી તરીકે નોંધવામાં આવે છે. એક પગમાં સોજો કુપોષણની નિશાની નથી.
- ફક્ત નરી આંખે જોઈને ક્યારેય બાયલેટરલ પિટીંગ ઍડીમાની ઓળખ કરવી નહી. હંમેશાં બંને પગના પંજા પર અંગૂઠાનું દબાણ આપીને જ ઍડીમાની ઓળખ કરવી.

**જો બાળકોમાં બાયલેટરલ પિટિંગ ઍડીમાના કોઈ પણ લક્ષણ દેખાય તો, તાત્કાલિક સારવાર માટે સી.એમ.ટી.સી./એન.આર.સી. પર રીફર કરવું**

**પગલું-૨ : ભૂખ પરીક્ષણ એટલે કે, એપેટાઈટ ટેસ્ટ**

- એપેટાઈટ ટેસ્ટ મેડીકલ કોમ્પ્લીકેશનવાળા SAM બાળકોની ઓળખ માટે મદદ કરે છે.
- ભૂખ પરીક્ષણ ૬ માસ (૧૮૦ દિવસ પૂર્ણ થયા હોય) થી ૫ વર્ષના ફક્ત અતિ ગંભીર કુપોષણ (SAM)ની શ્રેણીમાં આવતા બાળકોનું જ કરવાનું રહેશે.
- કુપોષિત બાળકની સારવાર સંસ્થાકીય સ્થળે કે સામુદાયિક સ્થળે કરવાની થાય છે તે નક્કી કરવા માટે એપેટાઈટ ટેસ્ટ કરવો ખૂબ જરૂરી છે. એપેટાઈટ ટેસ્ટ આંગણવાડી ખાતે ઉપલબ્ધ THR (બાલશક્તિ / બાલશકિત+)ના પેકેટમાંથી બનાવેલ વાનગી (ઢીલી રાબ) થી કરી શકાય છે.
- માર્ગદર્શિકા અનુસાર બાળકની જે દિવસે અતિ ગંભીર કુપોષિત (SAM) તરીકે ઓળખ થાય તે જ દિવસે એપેટાઈટ ટેસ્ટ કરવાનો હોય છે.

**ભૂખ પરીક્ષણ કરવાની રીત:**

- ભૂખ પરીક્ષણ કરવાના ૨ કલાક પહેલાં બાળકને કંઈપણ ખવડાવવું કે ધાવણ આપવું નહીં.
- માતા/વાલીએ શાંત વિસ્તારમાં બાળકને લઈ જવું અને તેને ખાવા માટે આપવું.
- માતા કે સંભાળ રાખનાર વ્યક્તિએ પોતાના હાથ ધોવા અને બાળકને ખોળામાં લઈને ખાવાનું આપવું.
- બાળકને ખાવા માટે પ્રોત્સાહિત કરવું. બાળકના ભૂખ પરીક્ષણ માટે એક કલાકનો સમય આપવો.
- વાનગી આપી નીચે મુજબના કોષ્ટક અનુસાર અવલોકન કરી નક્કી કરવું કે બાળક ભૂખ પરીક્ષણમાં પાસ થયું કે નાપાસ









દાહોદ જીલ્લાની CMAM-EGF રીફ્રેશર તાલીમ



તાપી જીલ્લા ખાતે તાપી અને ડાંગ જીલ્લાની રીફ્રેશર તાલીમ

| ભૂખ | અવલોકન | ક્રિયા |
|---|---|---|
| સારી (પાસ) | બાળક જીજ્ઞાસાથી બાલશક્તિના પેકેટમાંથી બનાવેલ કોઈપણ વાનગી ખાવામાં રસ ધરાવે છે. | બાળકને સમુદાય આધારિત પોષણ કાર્યક્રમમાં દાખલ કરવું. |
| નબળી (નાપાસ) | બાળકને પ્રોત્સાહન આપ્યા બાદ પણ બાલશક્તિના પેકેટમાંથી બનાવેલ વાનગી નથી ખાતું. | બાળકને નજીકનાં CMTC/ NRC ખાતે રીફર કરવું. |

**પગલું-૩ : તબીબી પરીક્ષણ**

- આંગણવાડી ખાતે સ્ક્રીનીંગ દરમિયાન મળી આવેલ ૦ થી ૫ વર્ષના તમામ કુપોષિત (અતિ ગંભીર કુપોષિત-SAM અને અતિ ઓછું વજન-SUW) બાળકોને અન્ય કોઇ બિમારી છે કે નહી તેની તપાસ ભૂખ પરીક્ષણના ૨ દિવસમાં (શક્ય તેટલી વહેલી તકે) એ.એન.એમ./ સી.એચ.ઓ./આર.બી.એસ.કે. ટીમ/ પી.એચ.સી. મેડિકલ ઓફિસર દ્વારા કરાવવાની રહેશે.
- અતિ ગંભીર કુપોષિત - SAM બાળકોને કોઈપણ જાતની ગંભીર બિમારી અથવા ચિહ્નો જણાય તો તાત્કાલિક નજીકના CMTC અથવા NRC ખાતે રાત્રી રોકાણ સાથેની સારવાર માટે રીફર કરવાના રહેશે.
- અતિ ઓછા વજનવાળા બાળકોમાં જો કોઇ તબીબી સમસ્યા જોવા મળે તો તેની સ્થિતિ અનુસાર પી.એચ.સી. કક્ષાએ કે પિડીયાટ્રીશીઅન પાસે સારવાર અપાવવાની રહેશે.

**પગલું-૪ : સારવારનું સ્થળ નક્કી કરવું**

- જે SAM બાળકો (૬ માસથી ૫ વર્ષ) ભૂખ પરીક્ષણમાં પાસ હોય અને તેમને કોઇ પણ જાતની બિમારી ન હોય તેવા SAM બાળકોને C-MAM કાર્યક્રમમાં ૧૨ અઠવાડિયા સુધી દાખલ કરવાના રહેશે.
- (૧) જે SAM બાળકો ભૂખ પરીક્ષણમાં નાપાસ હોય અને અન્ય કોઇ બિમારી ના હોય, (૨) જે SAM બાળકો ભૂખ પરીક્ષણમાં નાપાસ હોય અને અન્ય કોઇ બિમારી હોય તથા (૩) જે SAM બાળકો ભૂખ પરીક્ષણમાં પાસ હોય અને અન્ય કોઇ બિમારી હોય - તેમને સંસ્થાકીય સ્તરે સારવાર માટે CMTC/NRC ખાતે રાત્રિ રોકાણ સાથેની સારવાર માટે રીફર કરવાના રહેશે. બાકીના તમામ બાળકોને સમુદાય સ્તરે સારવાર કરવામાં આવશે.
- CMTC અને NRCમાંથી રજા મેળવીને આવેલ તમામ બાળકોને સી-મેમ કાર્યક્રમમાં દાખલ કરવામાં આવશે. આ તમામ બાળકોને પણ Z સ્કોર પ્રમાણે જ કાર્યક્રમમાંથી ડિસ્ચાર્જ આપવાનો રહેશે.

**પગલું-૫ : SAM બાળકોની સી-મેમ કાર્યક્રમ અનુસાર પોષણ સારવાર**

- આંગણવાડી કક્ષાએથી SAM બાળકોને બાલ શક્તિ/બાલ શક્તિ+ના પેકેટ મળી રહે તે સુનિશ્ચિત કરવું.
- બાલશક્તિ/બાલશક્તિ+ના પેકેટમાંથી વિવિધ વાનગીઓ બનાવીને ખવડાવવા અથવા ગરમ દૂધ/પાણીમાં ઘોળીને બાળકને આપવા માટે માતાઓ અને વાલીઓને પ્રોત્સાહિત







કરવા.

- આંગણવાડી કક્ષાએથી SAM બાળકોને નીચે મુજબ બાલશક્તિ/બાલશક્તિ+ના પેકેટ આપવામાં આવે છે.

| બાળકો | કુલ પેકેટ (પ્રતિ માસ)  |
|---|---|
| ૬ માસથી ૩ વર્ષના તમામ બાળકો | ૭ પેકેટ |
| ૬ માસથી ૩ વર્ષના અતિ કુપોષિત બાળકો | ૧૦ પેકેટ |
| ૩ થી ૫ વર્ષના અતિ કુપોષિત બાળકો | ગરમ નાસ્તો + ૪ પેકેટ |

**ખાસ યાદ રાખો:** જયાં સુધી SAM બાળકો સામાન્ય બાળકની કેટેગરીમાં ન આવે ત્યાં સુધી SAM બાળકોને ઘરે આપવામાં આવતા ખોરાકમાં ઓછા મીઠાનો ઉપયોગ કરવો અથવા મીઠાનો ઉપયોગ ન કરવો.

**પગલું-૬ : અતિ ગંભીર કુપોષિત બાળકોની C-MAM કાર્યક્રમમાં દવાઓ અને પોષક તત્વો**

- C-MAM કાર્યક્રમમાં દાખલ કરવામાં આવેલ તમામ અતિ ગંભીર કુપોષિત બાળકોને આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહીને આશા અને એ.એન.એમ. દ્વારા દવાઓ અને પોષક તત્વો નક્કી કરવામાં આવેલ પ્રોટોકોલ પ્રમાણે આપવાના રહેશે.

પગલું-૭ : C-MAM કાર્યક્રમ અંતર્ગત પોષણ, આરોગ્ય શિક્ષણ અને સ્વચ્છતા વિશે કાઉન્સેલીંગ

- આશા બહેનો અને આંગણવાડી કાર્યકર બંન્ને દ્વારા ગૃહ મુલાકાત, મમતા દિવસ અને HBNC/HBYCની મુલાકાત મારફતે વાલીઓનું જરૂરીયાત પ્રમાણે વારંવાર અને નિયમિત કાઉન્સેલિંગ કરવાનું રહેશે.

**પગલું-૮ : SAM બાળકોની C-MAM કાર્યક્રમ અંતર્ગત મુલાકાત અને રેફરલ**

- SAM બાળકને C-MAM કાર્યક્રમમાં દાખલ કર્યા બાદ આંગણવાડી કાર્યકર અને આશા બહેનોએ સાથે મળીને કામગીરી કરવાની રહેશે.
- દર મુલાકાત સમયે SAM બાળકોનું વજન તેમજ બંને પગમાં સોજાની તપાસ કરવાની રહેશે.
- દર અઠવાડિયે મુલાકાત સમયે SAM બાળકોનું લંબાઇ અથવા ઊંચાઇ અને વજન માપવાનું રહેશે.

**પગલું-૯ : SAM બાળકો માટે C-MAM કાર્યક્રમ અંતર્ગત રજા આપવાના (ડિસ્ચાર્જ) માપદંડ**

- પોષણ ટ્રેકર મુજબ બાળક SAM કેટેગરીમાં ન હોવું. [લંબાઈ અથવા ઊંચાઇ પ્રમાણે વજન: ઝેડ સ્કોર (W/H) > 2- SD]
- બંને પગમાં સોજા ના હોય (No bilateral Pitting Oedema)
- કોઈ જાતની આરોગ્ય વિષયક સમસ્યા (મેડીકલ કોમ્પ્લીકેશન) ન હોય

**પગલું-૧૦ : SAM બાળકોનું C-MAM કાર્યક્રમમાંથી ડિસ્ચાર્જ પછી ફોલોઅપ**

- C-MAM કાર્યક્રમમાંથી ૧૨ અઠવાડિયા પછી પણ બાળકનું દર મહિનાના બાલ-તુલા દિવસે વજન તથા લંબાઈ અથવા ઊંચાઇ કરવાની રહેશે.
- જો બાળક ૧૨ અઠવાડિયા પછી પણ SAMના માપદંડમાં આવતું હોય, તો બાળકને વધુ સારવાર માટે નજીકના CMTC/NRC કેન્દ્રમાં રાત્રી રોકાણ સાથેની સારવાર માટે દાખલ કરાવવા.
- જો બાળક રિકવરના (સામાન્ય બાળક) માપદંડ પછી ફરીથી SAM થાય, તો નવા એડમિશન તરીકે C-MAM કાર્યક્રમમાં દાખલ કરી ૧૨ અઠવાડિયા સુધી સારવાર અને પોષણ સેવાઓ આપવાની રહેશે.

ઉક્ત વિગતો સિવાય પોષણ સંગમ કાર્યક્રમ માટે રાજય કક્ષાએથી બનાવવામાં આવેલ પોષણ સંગમ એમઆઇએસની એપ્લીકેશનની સમજ પણ તમામ જિલ્લાઓમાં રીફ્રેશર તાલીમમાં આપવામાં આવેલ છે.

પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત ઝોન વાઇઝ રીફ્રેશર તાલીમમાં તાલીમાર્થીઓની સંખ્યા. ●



કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ અને સુધારણા) અધિનિયમ ૨૦૧૩

# તાલુકા નોડલ અધિકારીશ્રી તરીકે નિયુક્ત મામલતદારશ્રીઓનો ઓરીએન્ટેશન કાર્યક્રમ



કોન્ફરન્સ હોલ, સર્કિટ હાઉસ, વડોદરા ખાતે વડોદરા ઝોનનાં મામલતદારશ્રીઓનું ઓરિએન્ટેશન



# કામકાજના સ્થળે

મહિલાઓની સુરક્ષા અને સ્વમાન સાથે કામ કરવાના બંધારણીય અધિકારના રક્ષણ માટે "કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત (અટકાવ, પ્રતિબંધ અને નિયંત્રણ) અધિનિયમ ૨૦૧૩" અમલી બનાવવામાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની આગેવાની અને જેન્ડર રિસોર્સ સેન્ટરના તકનીકી સહયોગથી રાજ્યમાં આ અધિનિયમના અસરકારક અમલીકરણ માટે ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરેલ છે.

જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા રાજ્ય સરકાર, વિવિધ વિભાગો તેમજ સબંધિત વિભાગોના સંકલનમાં કાયદાની જોગવાઈઓ પ્રમાણે કાયદાનું અમલીકરણ સુનિશ્ચિત કરવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે, આ કામગીરીના ભાગરૂપે કાયદાની કલમ-૬ (૨) અનુસાર દરેક બ્લોક, તાલુકા અને ગ્રામીણ અથવા આદિવાસી વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલિટી વોર્ડમાં ફરિયાદો સ્વીકારવા અને સ્થાનિક ફરિયાદ સમિતિમાં રજૂ કરવા “નોડલ અધિકારી”ને જાહેર કરવાના રહે છે, આ બાબતે જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા મહેસૂલ વિભાગના સંકલનમાં રહી તા:૨૧/૩/૨૦૨૪ના રોજના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને મહેસૂલ વિભાગના સંયુક્ત જાહેરનામાંથી તમામ મામલતદારશ્રીઓને “તાલુકા નોડલ અધિકારી” તરીકે જાહેર કરેલ હતા.

રાજ્યમાં નિયુક્ત તમામ તાલુકા નોડલ અધિકારીશ્રીઓ (મામલતદાર)ની નિયુક્તિ બાદ કાયદામાં સૂચવેલ તેઓની ભૂમિકા અને કાયદા અંગે માહિતગાર કરવા જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા પુનઃ મહેસુલ વિભાગના સંકલનમાં રાજ્યના તમામ તાલુકા મામલતદારશ્રીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવેલ હતા.

જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા મહેસુલ વિભાગના સંકલનમાં જિલ્લાઓને ચાર ઝોન (ઉત્તર (ગાંધીનગર), દક્ષિણ(સુરત), સૌરાષ્ટ્ર(રાજકોટ), મધ્ય (વડોદરા)માં વર્ગીકૃત કરી ઝોન પ્રમાણે ૪ તાલીમ કાર્યક્રમો યોજેલ હતા, આ કાર્યક્રમના સફળ અમલીકરણ માટે મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રી દ્વારા આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખી તમામ માન. કલેક્ટરશ્રીને આદેશ કરી મામલતદારોની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરેલ હતું.

**મામલતદારશ્રીઓના આ ઓરીએન્ટેશન કાર્યક્રમમાં નીચે મુજબના વિષયોને આવરી લેવામાં આવેલ હતા.**

- **જેન્ડર અને વિકાસ :** આ વિષય અંતર્ગત તેઓને જેન્ડર એટલે શું?, જાતિગત ભેદભાવ, વ્યક્તિ, રાજ્ય અને દેશના વિકાસમાં જાતિગત ભેદભાવ, અસમાનતા અને હિંસાની થતી અસરો અંગે સમજ આપી તેના અટકાવ માટેના ઉપાયોની સમજ આપવામાં આવી હતી, આ ઉપરાંત જાતિગત ભેદભાવ અને હિંસાથી રાજ્યમાં ઉપસ્થિત સમસ્યાઓ દા.ત. ઘટતો સ્ત્રી જન્મદર, બાળકીઓનું જાતીય શોષણ વિગેરે સમસ્યો અંગે માહિતગાર કરી તેના અટકાવ અંગે તેઓની ભૂમિકા અંગે માહિતગાર કરવામાં આવેલ હતા
- **The PoSH Act ૨૦૧૩ :** કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત અધિનિયમ-૨૦૧૩ની જોગવાઈઓ અંગે તેઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી, આ ઉપરાંત પોતાની કચેરીમાં કાર્ય કરતી તેમજ અરજદાર મહિલાઓની જાતીય સતામણી સામે સુરક્ષા માટે કાયદાની જોગવાઈ પ્રમાણેની કાર્યવાહી સુનિશ્ચિત કરવા





કોન્ફરન્સ હોલ ડિસ્ટ્રીક્ટ પંચાયત ઓફિસ, સુરત ખાતે સુરત ઝોનનાં તાલુકા નોડલ અધિકારીશ્રી તરીકે નિમાયેલા મામલતદારશ્રીઓની ઓરીએન્ટેશન તાલીમ

કામકાજનાં સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત (અટકાવ, પ્રતિબંધ અને નિયંત્રણ) અધિનિયમ 2013ની કલમ-૬(૨) અનુસાર બ્લોક, તાલુકા અને ગ્રામીણ અથવા આદિવાસી વિસ્તારોમાં અને શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલટી વોર્ડમાં ફરિયાદો સ્વીકારવા અને સ્થાનિક ફરિયાદ સમિતિમાં રજૂ કરવા તમામ મામલતદારશ્રીઓને “તાલુકા નોડલ અધિકારી” તરીકે જાહેર કરેલા છે.

વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

- **તાલુકા નોડલ અધિકારીશ્રીની ભૂમિકા અને SHe-Box Portalની સમજ અને નિદર્શન** : કાયદાની ભૂમિકા અંતર્ગતની મામલતદારશ્રીઓને તેઓની ભૂમિકા અંગે જીઆરસીના પ્રતિનિધિ દ્વારા વિશેષ સમજ આપી મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ન્યુ દિલ્હી દ્વારા આ કાયદાના મોનીટરીંગ અને રિપોર્ટીંગ માટે અમલી બનાવેલ SHe-Box Portalની સમજ આપી તેનું નિદર્શન કરવામાં આવેલ સાથે જ તાલુકા નોડલ અધિકારીશ્રી તરીકે પોર્ટલમાં રિપોર્ટીંગની પ્રકિયાની સમજ પણ આપવામાં આવેલ હતી.
- **તણાવ વ્યવસ્થાપના** : સરકારી અધિકારીશ્રીઓ કામના મેનેજમેન્ટ તેમજ વધુ કામના ભારણના કારણે તણાવ અનુભવતા હોય છે, જેની અસર તેઓના સ્વાસ્થ્યની સાથે કચેરીના



વાતાવરણ અને કામ પર પડતી હોય છે, તેથી મામલતદારશ્રીઓની દરેક તાલીમમાં આ વિષયનો સમાવેશ કરી અધિકારીશ્રીઓને વર્ક મેનેજમેન્ટ અને તણાવ વ્યવસ્થાપનની સરળ અને ઉપયોગી પદ્ધતિઓની સમજ આપી તેનું નિદર્શન કરવામાં આવેલ હતું.

### તાલીમની પ્રગતિ અને મહત્ત્વની બાબતો

- રાજ્યના તમામ જિલ્લા અને તાલુકાને આવરી લઇ ચાર ઝોનમાં કુલ ૪ તાલીમ યોજવામાં આવેલ હતી
- ચાર ઝોનમાં ગાંધીનગર, વડોદરા, સુરત તેમજ રાજકોટ ખાતે કલેક્ટર કચેરીના સંકલનમાં તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.
- કુલ ૨૨૦ મામલતદારશ્રીઓને માહિતગાર અને સંવેદનશીલ બનાવવાના પ્રયત્નો કરેલ હતા
- સુરત ઝોન ખાતેના કાર્યક્રમમાં શ્રી સૌરભ પારઘી, કલેક્ટરશ્રી સુરત ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહક માર્ગદર્શન આપેલ હતું.
- તમામ કાર્યક્રમમાં મામલતદારશ્રીઓએ જણાવ્યું હતું કે, આ કાયદામાં "તાલુકા નોડલ અધિકારી' તરીકે નિયુક્ત થયેલ છે, તેની જાણ તેઓને આ તાલીમ અગાઉ જાણ ન હતી, તાલીમના કારણે તેઓ પોતાની જવાબદારી અંગે જાગૃત અને માહિતગાર બનેલ છે
- તમામ ચારેય ઝોનના મામલતદારશ્રીઓએ આ કાયદો, તેઓની ભૂમિકા અને અમલીકરણ અંગેના અનુભવોના આદાન-પ્રદાન અંગે દર વર્ષે આ પ્રકારે કાર્યક્રમ કરવા જેન્ડર રિસોર્સ સેન્ટરને વિનંતી કરેલ હતી
- જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા દરેક તાલીમની અસરકારકતાના અભ્યાસ માટે pre અને post ટેસ્ટ લેવામાં આવેલ હતા.



SPIPA, પ્રાદેશિક તાલીમ, કેન્દ્ર, ગાંધીનગર ખાતે અમદાવાદ ઝોનનાં તાલુકા નોડલ અધિકારીશ્રી તરીકે નિમાયેલા મામલતદારશ્રીઓની ઓરીએન્ટેશન તાલીમ

**પોતાની કચેરીમાં કાર્ય કરતી તેમજ અરજદાર મહિલાઓની જાતીય સતામણી સામે સુરક્ષા માટે કાયદાની જોગવાઈ પ્રમાણેની કાર્યવાહી સુનિશ્ચિત કરવા વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી**



# બાળકના સર્વાંગી વિકાસ અને વાલી જાગૃતિ માટે આંગણવાડી કાર્યકર દ્વારા સોશિયલ મીડિયાનો સફળ પ્રયોગ

**ધીરે ધીરે વાલીઓનો સાથ સહકાર મળવા લાગ્યો. ત્યારબાદ મેં મારી આંગણવાડીની ચેનલ બનાવી તેને આંગણવાડી કેન્દ્ર-વિરમગામ ૧૨ નામ આપ્યું. સૌ પ્રથમ તા.૦૩-૧૨-૨૦૨૨ના રોજ યૂ- ટ્યૂબમાં મારી ચેનલ પર પ્રથમ વીડિયો મુકી વિસ્તારના વાલી અને જનસમુદાય પાસે ચેનલને સબસ્ક્રાઈબ કરાવવામાં આવી.**



હું પરમાર વૈશાલી વિરેશકુમાર અમદાવાદ જીલ્લાના ઘટક વિરમગામના આંગણવાડી કેન્દ્ર- વિરમગામ-૧૨માં તારીખ ૦૨/૦૬/૨૦૨૨થી આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવા આપું છું. આંગણવાડી કેન્દ્ર પર હું હાજર થઈ તે દિવસો દરમિયાન મારા આંગણવાડી કેન્દ્રમાં વિસ્તારના ફક્ત ૧૦ બાળકો જ પૂર્વ પ્રાથમિક શિક્ષણની સેવાનો લાભ લેવા આવતા હતા. આથી હું વિચાર કરવા લાગી કે, આટલો મોટો વિસ્તાર હોવા છતાં આંગણવાડીમાં આવનાર બાળકોની સંખ્યા આટલી ઓછી કેમ? હું એવું શું કરું કે વિસ્તારના બધા બાળકો આ સેવાનો લાભ લેવા માટે આવતા થાય?

ત્યાંથી જ શરુ થઈ મારા વિશેષ પ્રયત્નોના સફરની શરૂઆત. હું વિસ્તારના ૩-૬ વર્ષના તમામ બાળકોના ઘરે ઘરે જઈ તેમના વાલી સાથે પોતાના બાળકને આંગણવાડીમાં મોકલવા માટે પરામર્શન કર્યું, પરંતુ તેનાથી આંગણવાડીમાં આવતા બાળકોની સંખ્યામાં બહુ વધારો જોવા ના મળ્યો, મને એવું લાગ્યું કે આંગણવાડી વિસ્તારના લોકો સાથે ફક્ત વાતચીત કરવાનો કોઈ અર્થ નથી, હું મારી આંગણવાડીમાં અપાતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી તેમની



આંગણવાડીમાં બાલા પેન્ટીંગ દ્વારા શિક્ષણ


સમક્ષ રજૂ કરું.

મેં સોશિયલ મીડિયાનો આધાર લઇ મારી આંગણવાડીની યૂટ્યૂબ ચેનલ બનાવવાનો વિચાર કર્યો. તેના માટે ચેનલ કેવી રીતે બનાવવી? વીડિયો કેવી રીતે બનાવવા? તેને યૂટ્યૂબ પર કેવી રીતે અપલોડ કરવા? તે અંગે જાણકારી મેળવી. આંગણવાડીમાં આવતા બાળકોને રોજ અપાતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓના વીડિયો બનાવ્યા. આંગણવાડી વિસ્તારના બાળકોના વાલીઓની મિટિંગ રાખીને તેમને આંગણવાડીમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ વિશેની જાણકારી આપી. તેઓનું વાલી વોટ્સએપ ગ્રુપ બનાવીને સૌ પ્રથમ પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓના વીડિયો મોકલ્યા. તેઓને આ વીડિયો નિહાળવા તેમજ બાળકોને પણ આ વીડિયો બતાવવા અંગે ખાસ સૂચના આપી.



આંગણવાડી કેન્દ્ર ખાતે બાળગીતની પ્રવૃત્તિ

ધીરે ધીરે વાલીઓનો સાથ સહકાર મળવા લાગ્યો. ત્યારબાદ મેં મારી આંગણવાડીની ચેનલ બનાવી તેને આંગણવાડી કેન્દ્ર-વિરમગામ ૧૨ નામ આપ્યું. સૌ પ્રથમ તા.૦૩-૧૨-૨૦૨૨ના રોજ યુટ્યૂબમાં મારી ચેનલ પર પ્રથમ વીડિયો મુકી વિસ્તારના વાલી અને જનસમુદાય પાસે ચેનલને સબસ્ક્રાઈબ કરાવવામાં આવી. બાળકોને થીમેટિક અભ્યાસક્રમ મુજબની દરેક પ્રવૃત્તિઓ કરવામાં ખૂબ મજા આવતી. પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ આંગણવાડીમાં ઉજવાતા રાષ્ટ્રીય તહેવારની ઉજવણી, બાળ દિવસ ઉજવણી, બાળકોને કરાવેલ વિવિધ જાહેર સ્થળોની મુલાકાત અને પર્યટનના વીડિયો યુટ્યૂબ ચેનલમાં રોજે રોજ અપલોડ કરવામાં આવ્યા. જેને નિહાળીને વાલીઓ પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલવા લાગ્યા અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ૩થી ૬ વર્ષના બાળકોની સંખ્યામાં ધીરે ધીરે વધારો જોવા મળ્યો.




**સોશિયલ મીડિયાનાં ઉપયોગ દ્વારા વાલી જૂથ જાગૃતિ**

પરિણામ સ્વરૂપે જૂન -૨૦૨૨માં મારા આંગણવાડી કેન્દ્રમાં ફક્ત ૧૦ બાળકો જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે આવતા હતાં, જે હાલ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ ૨૮થી વધારે બાળકો નિયમિત અને સમયસર આંગણવાડીમાં આવતા થયા. આંગણવાડીમાં બાળકોના સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓની સાથે પોતાની વ્યક્તિગત પ્રવૃત્તિ પુસ્તિકા રમત ગમત ભાગ ૧-૨ અને ચિત્રપોથીમાં પ્રવૃત્તિઓ કરે છે. વિસ્તારના લોકો સાથે સતત સંપર્કમાં રહીને આંગણવાડીમાં ઘણી બધી સુવિધાઓ ઊભી કરી બાળકોને સારું વાતાવરણ મળી રહે તે માટેના પ્રયત્નો કર્યા.

યુટ્યૂબ ચેનલના માધ્યમથી મારી આંગણવાડીની એક આગવી ઓળખ ઊભી થઈ છે. આજે લોકો આંગણવાડીના બાળકોની પ્રવૃત્તિના વીડિયો જોઈને મને ઓળખતા થયા છે, એ મારા માટે ખૂબ ગૌરવની વાત છે. “ ૦ સબસ્ક્રાઈબથી શરૂ કરેલી મારી આ વિશેષ સફર આજ ૭૦૬૨ સબસ્ક્રાઈબર સુધી પહોચી છે, આજે જાન્યુઆરી - ૨૦૨૫ સુધીમાં મે મારી ચેનલમાં ૯૬૭ જેટલા પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓના અને જનજાગૃતિ અંગે વીડિયો બનાવી અપલોડ કરેલા છે.”



**વ્યક્તિગત પ્રવૃત્તિ પુસ્તિકા રમત ગમત ભાગ ૧- ૨ અને ચિત્રપોથીમાં બાળકોની પ્રવૃત્તિઓ**

આંગણવાડી કાર્યકર તરીકે મને બાળક સાથે બાળક બનીને હસવું, રમવું, ગાવું અને ગમ્મત સાથે જ્ઞાનની કેળવણી આપી હું ખરેખર અનેરા આનંદની લાગણી અનુભવું છું. આજે હું મારી ભૂમિકાને ચરિતાર્થ કરવામાં સફળ બની છું. મારા કાર્યને વધુ વેગવંતુ બનાવવાનો પ્રયત્ન કરીશ. મને મળેલ સફળતા માટે અમારા સી.ડી.પી.ઓશ્રી મીતાબેન જાની અને જાગૃતિબેન ઠક્કર, મુખ્ય સેવિકાશ્રી નબુબેન રથવી અને ઘટક પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર આરતીબેન પરમારનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારા વિસ્તારના જનસમુદાય તરફથી મને મળેલ સાથ સહકાર બદલ તેઓની પણ આભારી છું. ધન્યવાદ.

# પૂર્ણા સખી - સહસખી મોડ્યુલ તાલીમ

**રાજ્ય કક્ષાની તાલીમ**



**પૂર્ણા સખી-સહસખી મોડ્યુલ- બી. એમ. આઈ ફોર એજ વિષય પર તાલીમાર્થીઓની તાલીમ- ૪૧ રિજનલ અને જિલ્લા પૂર્ણા કન્સલટન્ટ**

ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત અપ્રિલ-૨૦૧૮માં પૂર્ણા યોજના (PURNA- Prevention of Under nutrition and Reduction in Nutritional Anemia)ની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનામાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આવરી લેવામાં આવી છે. યોજના ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના છે. સદર યોજનામાં કામગીરી માટે ઝોન કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલટન્ટની નિમણુક કરવામાં આવેલ છે. યોજના અંતર્ગત દરેક આંગણવાડી કેન્દ્ર પર એક પૂર્ણા સખી અને સહસખી એમ કુલ ૨ કિશોરીઓની આંગણવાડી કાર્યકર દ્વારા પસંદગી કરવામાં આવેલ છે.

પૂર્ણા સખી-સહસખીનુ ક્ષમતા વર્ધન થાય અને પૂર્ણા યોજનાના અસરકારક અમલીકરણમાં મદદરૂપ થાય તે માટે ગુજરાત યુનિસેફ દ્વારા પૂર્ણા સખી-સહસખી મોડ્યુલ તૈયાર કરવામાં આવેલ છે. આ મોડ્યુલની રચના પૂર્ણા સખી-સહસખી અન્ય કિશોરીઓને તેમના પોષણ, આરોગ્ય અને કૌશલ્ય વિશે માહિતી આપી જાગૃત કરી શકે તે માટે કરવામાં આવેલ છે. મોડ્યુલનો ઉપયોગ પૂર્ણા સખી-સહસખી આંગણવાડી કેન્દ્ર પર ઉજવવામાં આવતા પૂર્ણા દિવસે (ચોથા મંગળવારે) બીજી કિશોરીઓને માહિતી આપી અને તેમના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ. સાથે સાથે આંગણવાડી કાર્યકર, આશાબેન અને નર્સબેન પણ આ મોડ્યુલનો ઉપયોગ પરામર્શ આપવા માટે કરવામા આવે છે.

મોડ્યુલ દરેક આંગણવાડી કક્ષાએ આપવામાં આવેલ છે. આંગણવાડી કક્ષાએ પૂર્ણા સખી-સહસખી સુધી મોડ્યુલનું અમલીકરણ થાય માટે ગુજરાત યુનિસેફના સપોર્ટથી રાજ્ય કક્ષાએ ૪૫ પૂર્ણા કન્સલટન્ટને માસ્ટર ટ્રેનર (ToT) તરીકે તાલીમ આપવામાં આવેલ છે. ત્યારબાદ કાસકેડ મોડમાં પૂર્ણા સખી-સહસખી સુધી તાલીમનું આયોજન પૂર્ણાની કન્ટીજન્સી ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ. દરેક કક્ષાએ તાલીમ આપવા માટે અન્ય ઝોન કક્ષાએ પૂર્ણા કન્સલટન્ટ દ્વારા ૩૯૭ સી.ડી. પી.ઓ.શ્રીની તાલીમ યોજવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ સી.સી.પી.ઓશ્રી દ્વારા ૧૫૩૨ મુખ્યસેવિકાઓની, ઘટક કક્ષાએ મુખ્યસેવિકાઓ દ્વારા ૨૪૨૨૬ આંગણવાડી કાર્યકરની અને સેજા કક્ષાએ આંગણવાડી કાર્યકર દ્વારા ૧૫૭૫૭ સખી-



## ઝોન કક્ષાની તાલીમ



રાજકોટ ઝોન કક્ષાએ - પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર રિજનલ પૂર્ણા કન્સલટન્ટ દ્વારા સી.ડી.પી.ઓ.શ્રી તાલીમ આપવામાં આવેલ છે, જે કાસકેડ મોડમાં જિલ્લા કક્ષાએ મુખ્ય સેવિકાઓને તાલીમ આપશે.



ઝોન કક્ષાએ (વડોદરા) - પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર રિજનલ પૂર્ણા કન્સલટન્ટ દ્વારા સી.ડી.પી.ઓ.શ્રી તાલીમ આપવામાં આવેલ છે, જે કાસકેડ મોડમાં જિલ્લા કક્ષાએ મુખ્ય સેવિકાઓને તાલીમ આપશે.

## જિલ્લા કક્ષાની તાલીમ



બનાસકાંઠા જિલ્લા પંચાયત- પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર સી.ડી.પી.ઓ.શ્રી અને જિલ્લા પૂર્ણા કન્સલટન્ટ દ્વારા મુખ્યસેવિકાઓને તાલીમ આપવામાં આવેલ છે, જે કાસકેડ મોડમાં ઘટક કક્ષાએ આંગણવાડી કાર્યકરોને તાલીમ.



મહીસાગર જિલ્લા પંચાયત- પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર સી.ડી.પી.ઓ.શ્રી અને જિલ્લા પૂર્ણા કન્સલટન્ટ દ્વારા મુખ્યસેવિકાઓને તાલીમ આપવામાં આવેલ છે, જે કાસકેડ મોડમાં ઘટક કક્ષાએ આંગણવાડી કાર્યકરોને તાલીમ.

## ઘટક કક્ષાની તાલીમ





મોરબી જિલ્લાના વાંકાનેર ઘટકમાં મુખ્ય સેવિકાઓ દ્વારા પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર આંગણવાડી કાર્યકરોને તાલીમ આપવામાં આવેલ છે.

## સેજા કક્ષાની તાલીમ



અરવલ્લી જિલ્લાના, ધનસુરા ઘટકમાં, ધનસુરા સેજામાં પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર પૂર્ણા સખી-સહસખીની તાલીમ આપવામાં આવેલ છે.



જિલ્લા- નવસારી , ઘટક - ચિખલી, સેજા- ચિખલી - પૂર્ણા સખી-સહસખી મોડ્યુલના વિષય પર પૂર્ણા સખી-સહસખીની તાલીમ આપવામાં આવેલ છે.

સહસખીની તાલીમ પૂરી થયેલ છે.

મોડ્યુલની તાલીમ આપવાથી પૂર્ણા સખી-સહસખી પોતાના પોષણ અને આરોગ્ય વિશે જાગૃત થશે અને તેઓ દ્વારા અન્ય કિશોરીઓમાં પૂર્ણા યોજનાનો લાભ લેવા પ્રેરિત થશે.



# “પા પા પગલી” - એક પગલું પ્રગતિનું



GSDM ગાંધીનગર ખાતે પ્રિસ્કૂલ ઈન્સ્ટ્રક્ટરની ક્ષમતા વર્ધન તાલીમ

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત આંગણવાડીના બાળકોને ગુણવત્તાપૂર્ણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે પ્રોજેક્ટ “પા પા પગલી” નો અમલ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અનુસંધાને ૩ -૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રોજેક્ટ “પા પા પગલી” ગુજરાત રાજ્યની તમામ આંગણવાડીમાં સુનિયોજિત રીતે શરૂ કરવામાં કરવામાં આવેલ છે.

**પ્રોજેક્ટ “પા પા પગલી” : પૂર્વભૂમિકાઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦**

- બાળકના જન્મથી 6 વર્ષ સુધીનો સમયગાળાનું મહત્ત્વ
- આંગણવાડી કાર્યકરનું ક્ષમતા વર્ધન
- પાંચ વર્ષથી ઉપરની ઉંમરના બાળકો પ્રા.શાળામાં દાખલ થશે
- આંગણવાડીની જનમાનસમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના



કેન્દ્ર તરીકે લોકપ્રિયતા અને સ્વીકૃતિ

**પ્રોજેક્ટ હેતુઃ આંગણવાડીના 3 - ૬વર્ષના તમામ બાળકોનો સર્વાંગી વિકાસ અને શાળા સજ્જતા**

**પ્રોજેક્ટના લક્ષ્યાંક**

- નોંધાયેલ બાળકોની હાજરીમાં વધારો
- આંગણવાડીના ૩-૬ વર્ષના બાળકનું ડેવલોપમેન્ટલ એસેસમેન્ટ
- ૪-૫ વર્ષના બાળકોની બાલવાટિકા પ્રવેશ માટેની સજ્જતા
- આંગણવાડીની લોકપ્રિયતા વધારવા વાલીની ભાગીદારી અને જનસામુદાયિક કાર્યક્રમો

આમ વર્ષ ૨૦૨૪-૨૫માં આ પ્રોજેક્ટના ચાર વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તમામ પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર માટે બે દિવસીય નિવાસી ક્ષમતાવર્ધન તાલીમ અને કાર્યશાળા અને રિવ્યુનું યુનિસેફના ટેકનીકલ અને નાણાકીય સહયોગથી રાજ્યકક્ષાએ આયોજન જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૧ આ ક્ષમતાવર્ધન કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો હેતુ નીચે મુજબ હતો.

- વર્ષ દરમ્યાન ફિલ્ડ લેવલે કરવામાં આવેલ પ્રવૃતિઓનું વિહંગાવલોકન
- રાજ્યકક્ષાએ મળેલ આંકડાકીય માહિતી અને પ્રોજેક્ટની લક્ષ્યાંક સિદ્ધિ
- તજજ્ઞો દ્વારા પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરની સમાવેશી શિક્ષણ, પ્રારંભિક ભાષા અને ગાણિતિક વિકાસ અંગે સમજ અને પ્રવૃતિઓ અંગે ક્ષમતાવર્ધન



દિવ્યાંગ બાળકોનાં સમાવેશ માટેની ચર્ચા

- વાર્તા કથનનું મહત્ત્વ, વિવિધ પ્રકારની વાર્તા કથનની શૈલી અંગે જાણકારી આપી.

ગાંધીનગર જી.આઈ.ડી.એમ અને સરદાર પટેલ તાલીમ કેન્દ્ર, સાદરા ખાતે આ કાર્યક્રમનું ૧૧ બેચમાં આયોજન કરવામાં આવેલ. આ તાલીમમાં નીચે મુજબના તજજ્ઞો દ્વારા




તજજ્ઞ દ્વારા વાર્તાકિથનની પ્રવૃત્તિ

માર્ગદર્શન આપવામાં આવેલ:

- શ્રી અમિતા ટંડન - પરિણામલક્ષી આયોજન અને અમલીકરણ એજ્યુકેશન સ્પેશ્યાલીસ્ટ યુનિસેફ, ગુજરાત
- શ્રી અખિલ પોઉલ - સમાવેશી શિક્ષણ - એક્ષિક્યુટિવ ડીરેક્ટર સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા
- શ્રી યોગિતા અહુજા - સ્ટોરી ટેલીંગ - ફાઉન્ડર ડીરેક્ટર એડ્યુંસારથી (Edusaarthi)
- શ્રી કવિતા શાહ - પ્રારંભિક ભાષા અને ગણિત વિકાસ - ફાઉન્ડર ટ્રસ્ટી - નીવ શિક્ષણ સંસ્થા, વડોદરા



ભાષાકીય અને ગાણાંતિક વિકાસની પ્રવૃત્તિઓ

ઉપરોક્ત તજજ્ઞો દ્વારા ખુબ વિસ્તારપૂર્વક તેમના વિષય મુજબ વિવિધ સ્વાનુભવ પ્રવૃત્તિઓ અને પ્રયોગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.



ગાંણિતિક વિકાસની પ્રવૃત્તિ કરતાં તાલીમાર્થીઓ

**પ્રોજેક્ટ પા પા પગલી અંતર્ગત કરવામાં આવેલ કામગીરી અને સિદ્ધિઓ:**

પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર તેમજ આંગણવાડી કાર્યકરનું ક્ષમતા વર્ધન:

- પોષણ ભી પઢાઈ ભી અંતર્ગત NIPCCD ખાતે તાલીમ: ૪૧૫ પી.એસ.ઈ ઈન્સ્ટ્રક્ટરને તાલીમ
- ઈન્ક્લુસીવ એજ્યુકેશન - સમાવેશ શિક્ષણ માટે તાલીમ: ૨૧૪ માસ્ટર ટ્રેઈનર્સને તાલીમ
- સેટકોમ કાર્યક્રમ - જેમાં ૨૪ એપિસોડમાં "બાળ ઘડતર" દ્વારા ક્ષમતા વર્ધન જેમાં બાળ ચરિત્ર ઘડતર અને સકારાત્મક શિક્ષણ અંગે માર્ગદર્શન

પૂર્વ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક કીટના ઉપયોગ અંગે યુટ્યુબના માધ્યમ દ્વારા માર્ગદર્શન જેમાં ૪૮૮૪૦ ફિલ્ડ સ્ટાફે ભાગ લીધો

- ત્યારબાદ કીટના ઉપયોગ અંગે online ક્વિઝમાં ૩૪૯૬૬ આંગણવાડી કાર્યકર, ૧૩૭૭ મુખ્યસેવિકા, અને ૩૨૦ સીડીપીઓએ ભાગ લીધો
- વાલી જાગૃતિ કાર્યક્રમ બાલક - પાલક સર્જન - પ્રવેશોત્સવ પહેલા આયોજિત આંગણવાડીકક્ષાના આ કાર્યક્રમમાં - ૫૨૯૪૫ આંગણવાડીમાં ૧૬,૪૩,૫૫૯ વાલી અને ૧૮,૩૪,૮૨૯ બાળકોએ ભાગ લીધેલ હતો
- પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ દરમ્યાન ૧,૮૭,૭૯૬ બાળકો દાખલ થવા પાત્ર હતા જેમાંથી ૧,૮૬,૨૨૭ (૯૯%) બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.



ટીચિંગ લર્નિંગ મટીરિયલ દ્વારા ભાષાકીય વિકાસની પ્રવૃત્તિ કરતા તાલીમાર્થીઓ


**પોષણ ટ્રેકર મુજબ ડેટા :**

- જૂન ૨૦૨૩માં ૩-૬ વર્ષના ૧૩,૧૪,૭૯૧ બાળકો નોધાયેલ હતા જયારે
- જૂન ૨૦૨૪ મુજબ કુલ ૧૪,૦૩,૧૭૭ બાળકો નોધાયેલ હતા
- આમ જૂન ૨૦૨૪-૨૫ દરમ્યાન ૮૮,૩૮૬ બાળકો વધુ નોધાયેલ છે.

ક્ષમતાવર્ધન તાલીમમાં પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવેલ હતું જેનું તમામ ૧૧ બેચનું તાલીમની જરૂર છે.

**પરિણામલક્ષી અમલ માટેની કામગીરી :**

- નિયમિત પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંદર્ભે પોષણ ટ્રેકરના ડેટાનું વિશ્લેષણ અને તે મુજબ ફિલ્ડ કક્ષાએ જાણકારી અને માર્ગદર્શન
- વાલી સાથે વધુ પરામર્શ અને માર્ગદર્શન અને આંગણવાડીમાં બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો
- આંગણવાડી કાર્યકરને સેજા મીટીંગમાં નિયમિત પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે માર્ગદર્શન અને તે માટે સમય




સરેરાશ પરિણામ નીચે મુજબ રહ્યું:

ઉપરોક્ત ગ્રાફ દર્શાવે છે કે પ્રારંભિક ભાષા અને ગાણિતિક વિકાસ તેમજ સમાવેશી શિક્ષણ અંગેના પ્રશ્નોના સ્કોર ૯૦% અને તેથી વધુ રહ્યાં હતા જયારે જુદા જુદા વિકાસના ક્ષેત્રો અને તેના વિકાસ માટે વાર્તા કથન, કવિતા, બાળગીતનો ઉપયોગ, બાળકમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા અને દિવ્યાંગ બાળકોના સમાવેશન માટેની પ્રવૃતિઓ અંગે વધુ ફાળવવા યોગ્યકક્ષાએ સુચના

- "અગમ" એપમાં નિયમિત ડેટા એન્ટ્રી
- પ્રિ સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર તેમજ મુખ્યસેવિકાને વાર્તા કથન, બાળ ગીત, કવિતા, જોડકણા, રમતોનું મહત્ત્વ અને શીખવવા માટે ક્ષમતાવર્ધન તાલીમનું આયોજન
- તેમજ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકાસવવા માટેની પ્રવૃતિઓનું આયોજન.



# બાળ દિવસની ઉજવણી



રમતોત્સવની પૂર્વ તૈયારી

આંગણવાડીમાં અપાતી અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને બાળ કૌશલ્યોને કેળવવા માટે ખુબ જ મહત્ત્વની છે. બાળકો વિવિધ રીતોથી શીખે છે, તે માટે આંગણવાડીમાં બાળકોને વિવિધ અનુભવો આપવા માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

રાજ્યની તમામ આંગણવાડીમાં મહિનાના ત્રીજા મંગળવારે બાળકના વાલીને પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનું બાળ વિકાસમાં મહત્ત્વ સમજાવવા અને તેઓને સંવેદનશીલ બનાવવાના એક પ્રયાસના ભાગ રૂપે બાળદિવસની


ધજા હરીફાઈ


સંગીત ખુરશીની રમત


સંગીત ખુરશીની રમત



બાળકોની લીંબુ ચમચીની રમત


બાળકના વાલીની લીંબુ ચમચીની રમત



ઉજવણી કરવામાં આવે છે. જેમાં દરેક મહિનામાં જુદી જુદી થીમ વિશે બાળકોને તેમના માતા-પિતા અને વાલી સાથે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

જાન્યુઆરી માસમાં બાળક અને વાલીનો રમતોત્સવ થીમ અંતર્ગત જુદી જુદી રમતોનું આયોજન આંગણવાડીમાં કરવામાં આવેલ. જેમાં લીંબુ-ચમચી, સંગીત ખુરશી, ડીશની રમત, ધજા દોડ, ડોલમાં દડો નાંખવો, પતંગ બનાવડાવવા, ચિત્ર હરીફાઈ વગેરે જેવી રમતો રમાડવામાં આવી. જેમાં બાળકો અને તેમના વાલીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. રમતોત્સવ બાદ વિજેતા બાળકોને ઈનામ અને તમામ ભાગ લીધેલ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા. આમ, બાળકોના સર્વાંગી વિકાસમાં રમત-ગમતનું શું મહત્ત્વ છે તેમજ માતા-પિતા અને કુટુંબ દ્વારા બાળકોને પ્રોત્સાહિત વાતાવરણ પૂરું પાડવા માટે તેમની શું ભૂમિકા છે તે અંગે વિગતે અંગે પરામર્શન કરવામાં આવ્યું.



## ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન અંતર્ગત બાળ લગ્ન જાગૃતતા કાર્યક્રમ


ગામનાં આગેવાનોમાં બાળલગ્ન બાબતે જાગૃતતા


સમુદાયમાં બાળલગ્ન બાબતે જાગૃતતા

મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન સ્ટાફ દ્વારા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં બાળ લગ્ન અટકાવવા અંગે કામગીરી કરવામાં આવેલ હતી. કપરાડા તાલુકામાં બાળલગ્નનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યાં દીકરીઓને ૧૪ થી ૧૬ વર્ષની દીકરીઓ માતાઓ બને છે.જેના કારણે દીકરીઓનાં શિક્ષણ, આરોગ્ય, માતામૃત્યુદર, બાળમૃત્યુદરનાં પ્રમાણમાં વધારો થાય છે. શિક્ષણનાં અભાવનાં કારણે સરકાર દ્વારા ચાલતી યોજનાઓથી વંચિત રહી જાય છે.

ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનની ટીમ દ્વારા કપરાડા તાલુકાના દરેક ગામમાં જઈ આગેવાનો અને આંગણવાડી કાર્યકર બહેનોની સાથે રાખી બાળ લગ્ન નાબુદી અંગે માહિતી આપવામાં આવેલ અને સરકારશ્રીનાં કાયદાઓ અંગે માહિતી આપવામાં આવી જેમાં દીકરીઓ માટે લગ્નની ઉમર ૧૮ વર્ષ અને દીકરાઓ માટે ૨૧ વર્ષ છે. બાળ લગ્ન કરનારને રૂ. ૧ લાખ સુધી દંડની જોગવાઈ અને ૨ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ નાની વયે લગ્ન કરવાથી કઈ કઈ મુશ્કેલીઓ સર્જાય છે તે અંગે વિસ્તૃત માહિતી આપેલ. ત્યારબાદ સરકારશ્રી દ્વાર ચાલતી મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપેલ.

## "બેટી બચાવો બેટી પઢાવો યોજના" જાગૃતિકરણ કાર્યક્રમ

તારીખ ૨૪ -૦૧- ૨૦૨૫ના જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી પાટણ દ્વારા રાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણી ધારપુર મેડિકલ કોલેજ ખાતે કરવામાં આવેલ. જેમાં હેતલબેન ઠાકોર માનનીય પ્રમુખશ્રી જિલ્લા પંચાયત પાટણ, નરેશભાઈ પરમાર ચેરમેન શ્રી સામાજિક ન્યાય સમિતિ તાલુકા પંચાયત પાટણ, ડૉ.અવનીબેન આલ ચેરપર્સન કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીની સમિતિ, નાગોરી મેડમ સેક્રેટરીશ્રી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પાટણ, ડૉક્ટર પારૂલબેન સુપ્રિન્ટેન્ડેન્ટ ધારપુર મેડિકલ કોલેજ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી પાટણ, હેડ સાઈક્યાટ્રીસ્ટ વિભાગનાં ડૉક્ટર, RMO, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, પોલીસ ઈન્સ્પેક્ટર મહિલા પોલીસ સ્ટેશન પાટણ તથા DHEW, OSC, PBSC, નર્સિંગ સ્ટાફ, વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓ અને શાળાની વિદ્યાર્થીનીઓ સાથે કુલ ૧૬૫ સહભાગીઓ ઉપસ્થિત રહેલ. માનનીય જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દ્વારા સ્ત્રીભૃણ હત્યા અને રાષ્ટ્રીય દીકરી દિવસ વિશે ઉદબોધન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં નવી જન્મેલી દીકરીઓને દીકરી વધામણા કીટ આપવામાં આવી હતી તેમજ રમતગમત તથા કલા મહાકુંભ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ દીકરીઓનું સન્માન કરવામાં આવેલ હતું. DHEW સ્ટાફ દ્વારા મહિલાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવેલ તથા બેટી બચાવો બેટી પઢાવો યોજનાની શપથ લેવડાવવામાં આવેલ.




ધારપુર મેડિકલ કોલેજનાં હોલ ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી






## "સખી વન સ્ટોપ યોજના" સાફલ્ય ગાથા

સિગ્નેચર કેમ્પેનમાં મહાનુભાવો દ્વારા ભાગ લઈ બેટી બચાવો બેટી પઢાવોને યોજનાને સમર્થન આપ્યું.

સખી વન સ્ટોપ સેન્ટર છેલ્લા ૫ વર્ષથી અરવલ્લી જિલ્લામાં કાર્યરત છે ત્યાં હાલમાં સિવિલ હોસ્પિટલની વ્યવસ્થા થયેલ નથી. સખી વન સ્ટોપ સેન્ટર ખાતે માનસિક રીતે અસ્વસ્થ મહિલાનો કેસ જ્યારે આવે છે ત્યારે તે મહિલાનું માનસિક રોગની સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવા પડતા જેથી નજીકમાં જ માનસિક રોગનાં દર્દીઓને સમયસર અને ઝડપી સારવાર મળે તે હેતુસર વર્ષ -૨૦૨૨થી ભિલોડા કોટેજ હોસ્પિટલ ખાતે માનસિક રોગના અનિલભાઈ તબિયાર તેમજ બીન્તલ બેન બન્ને ડૉક્ટર દ્વારા સ્વેચ્છાએ સમાજસેવાનાં હેતુસર તથા વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક તથા ટીમની કામગીરી જોઈને બન્ને ડૉક્ટર દ્વારા નિયમિત મુલાકાત તથા મુશ્કેલ પરિસ્થિતિ ધરાવતા દર્દીઓ માટે વન સ્ટોપ સેન્ટર એક આશાનું કિરણ બન્યુ છે.

સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આવતી માનસિક રોગના બહેનોને અરવલ્લી જિલ્લામાંથી જ સારવાર મળી રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવેલ હતા ત્યારથી આજ સુધી સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લી ખાતે દર મહિનાના ચોથા શુક્રવારે માનસિક રોગના ડૉક્ટર મુલાકાત કરવા આવે છે અત્યાર સુધી કુલ -૬૬ માનસિક અસ્વસ્થ મહિલાઓની માનસિક રોગની સારવાર અપાયેલ છે તેમજ ફિલ્ડ મુલાકાત દરમ્યાન માનસિક રોગની સારવાર અંગે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ. જેના દ્વારા ૧૦ મહિલાઓ છે કે જે બહારના છે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે નોંધાયેલ નથી તેઓની સારવાર કરાવવામાં મદદ કરવામાં આવી છે.

આ ઉપરાંત નજીકના વિસ્તારનાં દર્દીઓને દર મહિને વન સ્ટોપ સેન્ટર પર સમયસર દવા ફોલોઅપ લેવામાં આવે છે.







# ૧૮૧ મહિલા અભયમની સાફલ્ય ગાથા

## મહિના બાદ બાળકીને જોતાં પરિવાર ગળગળો થઈ ગયો

## વિખૂટી પડેલી બાળકીનું પરિવાર સાથે ૧૮૧ની ટીમે મિલન કરાવ્યું

### રાજસ્થાનથી બાળકીનું અપહરણ કરીને પાલનપુર લાવ્યા હતા

। પાલનપુર । (સં.ન્યૂ.સ.)

પાલનપુર માં અભયમની ટીમે છેલ્લા દોઢેક મહિનાથી માતા પિતાથી વિખૂટી પડેલી આશરે ૧૨ વર્ષની બાળકીને રાજસ્થાનથી અજાણ્યા માણસો અપહરણ કરીને પાલનપુર લાવ્યા હતા. બાળકીને પરિવારને સોંપવાની તજવીજ હાથ ધરી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

પાલનપુરના એક કારખાનામાં નોકરી કરતા જાગૃત નાગરીકે ૧૮૧માં કોલ કરીને જણાવેલ કે એક દીકરી જે આશરે ૧૧ કે ૧૨ વરસની હશે.. જે ડરેલી અને ગભરાયેલી તેના પાસે આવેલ છે. અને તે ઘણા દિવસ થી પોતાના માતા પિતા થી વિખૂટી પડી ગઈ છે. તેમ કહીને મદદ માંગતા ૧૮૧ ટીમ તુરંત બતાવેલ સ્થળ પર દોડી જઈ અને તે બાળકી ને શાંતિ થી વાતચીત કરી પૂછપરછ કરતાં બાળકી એ જણાવ્યું હતું કે તેને કેટલાય દિવસ પૂર્વે કોઈ અજાણ્યા ૨ભાઈ અને ૨બહેનોએ તેના રાજસ્થાન ના વિસ્તારમાંથી થી ઉપાડી ને પાલનપુર લાવેલ અને તેને કોઈ જગ્યા એ વેચી દેવાની છે તેવી વાતો થતાં તે ત્યાંથી પોતાનો જીવ બચાવી ને ભાગી ને એક ભાઈ જોડે આવીને મદદ માંગી. બાળકી ને તેના માતા પિતા પાસે જવું છે તેમ કહી રડતી હોઈ ૧૮૧ ની ટીમે શાંતિ થી વાત કરી બાળકી ને તેના માતા પિતા સુધી પહોંચાડવાનું આશ્વાસન આપ્યું હતું. બાળકી ને સમગ્ર ઘટના વિશે પૂછપરછ કરી તેના માતા પિતા નો કોન્ટેક્ટ નંબર પૂછતા તેને પોતાની માતા નો નંબર યાદ હોય તે આપતા અભ્યમ ની ટીમે તેની માતા ને ફોન કરી પોતાની દીકરી વિશે પૂછપરછ કરેલી તો તેની માતા એ જણાવેલ કે હા, મારી દીકરી છેલ્લા દોઢેક મહિના થી ઘરે થી ગુમ છે જેની ફરિયાદ તેને પોતાના પોલીસ મથકે પણ કરાવેલી છે અને દરેક જગ્યા એ પોસ્ટર પણ લગાવેલા છે. પરંતુ આજ સુધી તેનો કોઈ જ પત્તો ના હતો. તેમ જણાવેલ ત્યારબાદ ૧૮૧ ની ટીમે તેની માતા જોડે દીકરીની વાત કરાવતા પોતાની દીકરીનો અવાજ સાંભળતા પોતે ગળગળી થઈ ગઈ અને પોતે હાલ દીકરીને લેવા માટે પાલનપુર આવે છે તેમ જણાવ્યું હતું . આ સાથે તેને નોંધાવેલ પોલીસ મથકે જાણ કરતા માતા સાથે પોલીસ સ્ટાફ બાળકી ને લેવા માટે નીકળ્યો હતો.

પાલનપુરમાં અભયમની ટીમે છેલ્લા દોઢેક મહિનાથી માતા પિતાથી વિખુટી પડેલી આશરે ૧૨ વર્ષની બાળકીને રાજસ્થાનથી અજાણ્યા માણસો અપહરણ કરીને પાલનપુર લાવ્યા હતા. બાળકીને પરિવારને સોંપવાની તજવીજ હાથ ધરી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. પાલનપુરના એક કારખાનામાં નોકરી કરતા જાગૃત નાગરીકે ૧૮૧માં કોલ કરીને જણાવેલ કે એક દીકરી જે આશરે ૧૧ કે ૧૨ વર્ષની હશે.. જે ડરેલી અને ગભરાયેલી તેની પાસે આવેલ છે. અને તે ઘણા દિવસથી પોતાના માતા પિતાથી વિખૂટી પડી ગઈ છે. તેમ કહીને મદદ માંગતા ૧૮૧ ટીમ તુરંત બતાવેલ સ્થળ પર દોડી જઈ અને તે બાળકી ને શાંતિથી વાતચીત કરી પૂછપરછ કરતાં બાળકીએ જણાવ્યું હતું કે તેને કેટલાય દિવસ પૂર્વે કોઈ અજાણ્યા ૨ ભાઈ અને ૨ બહેનોએ તેના રાજસ્થાનના વિસ્તારમાંથી ઉપાડીને પાલનપુર લાવેલ અને તેને કોઈ જગ્યાએ વેચી દેવાની છે તેવી વાતો થતાં તે ત્યાંથી પોતાનો જીવ બચાવીને ભાગીને એક ભાઈ જોડે આવીને મદદ માંગી. બાળકીને તેના માતા પિતા પાસે જવું છે તેમ કહી રડતી હોઈ ૧૮૧ની ટીમે શાંતિથી વાત કરી બાળકી ન તેના માતા પિતા સુધી પહોચાડવાનું આશ્વાસન આપ્યું હતું. બાળકીને સમગ્ર ઘટના વિશે પૂછપરછ કરી તેના માતા પિતાનો કોન્ટેક્ટ નંબર પૂછતા તેને પોતાની માતાનો નંબર યાદ હોય તે આપતા અભ્યમની ટીમે તેની માતાને ફોન કરી પોતાની દીકરી વિશે પૂછપરછ કરેલી તો તેની માતાએ જણાવેલ કે હા, મારી દીકરી છેલ્લા દોઢેક મહિનાથી ઘરેથી ગુમ છે જેની ફરિયાદ તેને પોતાના પોલીસ મથકે પણ કરાવેલી છે અને દરેક જગ્યાએ પોસ્ટર પણ લગાવેલા છે. પરંતુ આજ સુધી તેનો કોઈ જ પત્તો ન હતો. ત્યારબાદ ૧૮૧ની ટીમે તેની માતા જોડે દીકરીની વાત કરાવતા પોતાની દીકરીનો અવાજ સાંભળતા પોતે ગળગળી થઈ ગઈ અને પોતે હાલ દીકરીને લેવા માટે પાલનપુર આવે છે તેમ જણાવ્યું હતું . આ સાથે તેને ફરિયાદ નોંધાવેલ પોલીસ મથકે જાણ કરતા માતા સાથે પોલીસ સ્ટાફ બાળકીને લેવા માટે નીકળ્યો હતો.



# મહિલાના આરોગ્ય સંબંધિત સમસ્યાના કારણે સાસરીમાં ઉદભવેલી મુશ્કેલીમાં મદદરૂપ બનતું મહિલા સહાયતા કેન્દ્ર




ખેડા જિલ્લામાં આવેલ મહિલાએ મહિલા સહાયતા કેન્દ્ર પર અરજી આપેલ. મહિલા સહાયતા કેન્દ્રનાં કાઉન્સેલર દ્વારા અરજદારશ્રીની વિગતો જાણવા મળેલ કે અરજદાર મહિલાનાં લગ્નજીવનના બે વર્ષ બાદ સંતાનો ન થતાં તેઓ સ્ત્રી રોગ વિશેષજ્ઞને બતાવવા ગયેલ. એ દરમિયાન જાણવા મળેલ કે બહેનનાં ગર્ભાશયની કોથળી પાતળી છે, જેથી તેમને ગર્ભ રહેશે નહીં. આ વાતની જાણ સાસરીમાં થતા તેઓનાં પતિ અને સાસુ-સસરા દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપવા લાગ્યા પતિએ લગ્ન બહારના સબંધો રાખ્યા. છેલ્લા આઠ માસથી રિસાઈને પિયર રહેતા હતા. ત્યારબાદ મહિલા સહાયતા કેન્દ્રનો સંપર્ક કરેલ.

મહિલા સહાયતા કેન્દ્રનાં કાઉન્સેલર દ્વારા અરજદાર બહેનનાં પતિને કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવેલ. બંને પક્ષનું વ્યક્તિગત અને જુથ કાઉન્સેલિંગ કરવામાં આવેલ. આ કાઉન્સેલિંગ દરમિયાન જરૂરી સલાહ, સૂચન અને માર્ગદર્શન આપવામાં આવેલ. લાંબા ગાળાનાં કાઉન્સેલિંગ બાદ તેઓનાં પતિએ અરજદાર બહેનને સાસરીમાં તેડી જવા સહમતિ દર્શાવેલ અને અરજદાર મહિલાની આરોગ્ય વિષયક સમસ્યાને લઈને અન્ય તબીબની સલાહ લેવા માટે પણ તૈયાર થયેલ.

અંતે બને પક્ષનું મહિલા સહાયતા કેન્દ્રની દરમ્યાનગીરીથી સુખદ સમાધાન થયેલ અને અરજદાર મહિલાનાં પતિ તેઓને રાજીખુશીથી સાસરીમાં તેડી ગયેલ. ત્યારબાદ મહિલા સહાયતા કેન્દ્રનાં કાઉન્સેલર દ્વારા અરજદાર બહેનનું ટેલિફોનિક ફોલોઅપ લેતા જાણવા મળેલ કે તેઓ હોસ્પિટલમાં એડમિટ થયેલ છે અને બીજા દિવસે એમની ગર્ભાશયની નળીનું ઓપરેશન છે. સાસરી પક્ષના સભ્યો સાથે જ હતા અને બહેનની સારી રીતે સંભાળ લઈ રહ્યાં હતા.



# આંગણવાડી કેન્દ્રની પ્રશંસનીય કામગીરી



**આંગણવાડીમાં** આંગણવાડી કાર્યકર દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી ગુણવતાપૂર્ણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે કોઈ બાળક વંચિત ના રહે તે માટે આંગણવાડીમાં સામાન્ય બાળકોની સાથે દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ કરવામાં આવે તે હેતુથી આઈ.સી.ડી.એસ. દ્વારા તમામ આંગણવાડી કાર્યકરને “સમાવેશી આંગણવાડી”ની તાલીમ આપવામાં આવેલ. જેમાં દિવ્યાંગતાના પ્રકાર, દિવ્યાંગતાની ઓળખ, પ્રોટોકોલના ત્રણ સ્ટેપ વિશે સમજ આપવામાં આવેલ. આંગણવાડીમાં તાલીમબદ્ધ થયેલ આંગણવાડી કાર્યકર દ્વારા દિવ્યાંગતાની ઓળખ કરી સંદર્ભ સેવાઓનો લાભ અપાવી બાળકનો આંગણવાડીમાં સમાવેશ કરવામાં આવે છે. આંગણવાડી કક્ષાએ આવી જ એક સરાહનીય કામગીરી જામનગર જીલ્લાના જોડિયા તાલુકાના હડિયાણા સેજાના કુનડ ગામના આંગણવાડી કેન્દ્ર-૧૭માં કરવામાં આવી.

આંગણવાડી કેન્દ્ર કુનડ-૧૭માં, ૩ વર્ષનું બાળક ઓમ દેવકરણભાઈ નકુમ જેને જન્મથી જ “ક્લેફ્ટ પેલેટ” (Cleft






**વ્યક્તિગત પ્રવૃત્તિ પુસ્તિકા રમત ગમત ભાગ ૧-૨ અને ચિત્રપોથીમાં બાળકોની પ્રવૃત્તિઓ**

Palate)ની તકલીફ હોવાથી તે બોલી શકતું ન હતું. આંગણવાડી કાર્યકર દ્વારા બાળકના વાલીની મુલાકાત કરી તેમને માહિતી આપી, મમતા દિવસે ચેકઅપ કરાવવામાં આવ્યું. તેમજ RBSK ટીમનો સંપર્ક કરી તેનું ઓપરેશન કરાવવામાં આવ્યું. જેથી ધીમે ધીમે બોલતું થયું.

૩ વર્ષનું થતાં બાળકનો પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે આંગણવાડીમાં પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડી કાર્યકર બહેન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો સાથે મુકત ચર્ચા, બાળગીતો, બાળવાર્તા જેવી ભાષાકીય અને સામાજિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. તેમજ આંગણવાડી કાર્યકર દ્વારા બાળક પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. જેથી તે બાળકના બોલવામાં ઘણો સુધારો આવ્યો છે.



# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

**સુપોષિત ભારત - સાક્ષર ભારત - સશક્ત ભારત**






- ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લિટર સિંગતેલ દર મહિને આંગણવાડી કેન્દ્રમાંથી વિનામૂલ્યે આપવામાં આવે છે.
- આ યોજનાનો લાભ પ્રથમ વારની સગર્ભા બહેન તથા પ્રથમ બાળક (૨ વર્ષ સુધી)ની માતાને મળશે

## ગુજરાત રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્ર પરથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે

**ટોલ ફ્રી નંબર: ૧૫૫૨૦૯**

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર | વધુ માહિતી માટે આજે જ નજીકની આંગણવાડી કેન્દ્રનો સંપર્ક કરો.




ટોલ ફ્રી નંબર:
૧૫૫૨૦૯

42+4 Cover Total 46 Pages. Commissionerate of Women & Child Development, Block No. 20, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat.
Printed by: Government Photo Letho Press, Dudheswar Road, Ahmedabad.